REGISTER NO. B. 156

श्री

# જૈનધર્મ પ્રકાશ.

*The Jaina Dharma Prakasha.*

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं ।
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ॥
तृष्णास्रोतोविभंगो गुरुषु च विनयः सर्वभूतानुकंपा ।
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पंथाः ॥

પુસ્તક ૨૧ મું. પોષ સંવત ૧૯૬૨ અંક ૧૦ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.
ભાવનગર

વિષયાનુક્રમ.

| | | |
|---|---|---|
| ૧ | ન્યાય વૃત્તિ. | ૨૧૭ |
| ૨ | પ્રતિજ્ઞા યા પ્રત્યાખ્યાન સ્વરૂપ. | ૨૧૮ |
| ૩ | દિગ્દર્શન. | ૨૩૪ |
| ૪ | વર્તમાન સમાચાર. | ૨૩૮ |

અમદાવાદ—"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ" માં છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

## ચોપાનિયું રખડતું મૂકીને આશાતના કરવી નહીં.

### ગ્રાહકોને બે વર્ષનો ભેટ.

### પ્રતિક્રમણ હેતુ.

દેવસી, રાઇ વિગેરે પાંચે પ્રતિક્રમણમાં જે જે સૂત્રો જે અનુક્રમે કહેવામાં આવે છે તેના હેતુ અને ભાવાર્થ વિગેરે બતાવી આપનાર "કિંચિત્ પ્રતિક્રમણ ક્રમવિધિ" નામના ગ્રંથનું યથાર્થ ભાષાંતર કરી મુંબઇ ગુજરાતી પ્રેસમા ગુજરાતી સુંદર ટાઇપથી છપાવવામાં આવેલ છે. પાકા કપડાના સુંદર બાઇડીંગથી બંધાય છે. બંધાઇ આવેથી લવાજમ મોકલેલ ગ્રાહકોને તરત મોકલવામા આવશે અને ન મોકલેલ ગ્રાહકોને વેલ્યુપેબલથી મોકલવામાં આવશે. લવાજમ તો વહેલું મોડું આપવુંજ પડવાનું છે તેથી 'ઘરે બેઠાં આવેલી ગંગાને કોણ મૂર્ખ પાછી વાળે' એ દૃષ્ટાંતે આવી અપૂર્વ ભેટનો લાભ ખોશે નહીં એવો ભરૂંસો રાખી પોસ્ટ ખર્ચ કરવામા આવશે. માટે સભાને ખોટી નુકશાનીમા ન ઉતારતા આવેલ વેલ્યુપેબલ પૈસા આપીને લઇ લેવાની દરેક ગ્રાહકોએ ચીવટ રાખવી. અગાઉથી ખાસ સૂચના જરૂરીઆત સમજીનેજ આપવામા આવી છે.

---

છપાઇને બહાર પડેલ છે.

### શ્રી શત્રુંજય મહાત્મ્ય.

મહાત્મા શ્રી ધનેશ્વરસૂરિ કૃત સંસ્કૃત પદ્યાત્મક ગ્રંથનું ખાસ દેખરેખથી થયેલું ગુજરાતી ભાષાંતર.

આ પુસ્તકની અમારી તરફથી બીજી આવૃત્તિ હાલમાં બહાર પાડવામા આવેલ છે. આવું શુદ્ધ અને સરસ ભાષાંતર જો કોઇ પણ બીજા ગ્રંથનું થયું હોય તો ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રનુંજ થયેલ છે. જે બંનેને માટે અમે પૂરતી ખાત્રી આપી શકીએ છીએ. નિર્ણયસાગરની પ્રશંસનિય છાપ, સરસ બાઇડીંગ, ઉંચા કાગળ. કિંમત રૂ.૨-૮-૦ સભાસદ માટે રૂ. ૧-૧૪-૦

---

### શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર.

પર્વ ૧ લું અને બીજું.

કિંમત રૂ. ૨-૪-૦ પ્રકાશના ગ્રાહકોને માટે રૂ. ૧-૧૨-૦

સભાસદને માટે રૂ. ૧-૧૧-૦

સુંદર ટાઇપ, ઉંચાકાગળ, ઉત્તમ બાઇડીંગ, શુદ્ધ ભાષાંતર.

# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુકત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૧ મું. સં. ૧૯૬૨ પૌષ. અંક ૧૦ મો.

ૐ

વીતરાગ પરમાત્મને નમઃ

## न्याय वृत्ति.

ન્યાય થકી કરો દ્રવ્ય કમાણી, તે પર રાખો કુટુંબ નભાવ,
શુદ્ધ સજો વ્યવહાર આપણો,[1] અંતર્ ધારી નિર્મળ ભાવ;
પૂર્ણ પ્રમાણિક થાઓ વેપારે, છાંડીને માયાયુત[2] ચિત્ત,
આ શુભ ધર્મ ગ્રહસ્થ તમારો, આદરજો પ્રીતેથી નિત્ય. ૧
શુદ્ધ માલ આપો ગ્રાહકને, તોલ માપમાં ન કરો ભેદ,
બાળ, વૃદ્ધ, સમજુ અણસમજુ, દો ગણે ના કોને છેદ;
ખોટાં તોલાં, ખોટાં માપાં, ખોટા લેખ ત્યજી દો આપ,
આ શુભ ધર્મ ગ્રહસ્થ તમારો, આદરજો પ્રીતે નિષ્પાપ. ૨
સેવાવૃત્તિ[3] હોય તમારી, (તો) સેવક થાઓ સ્વામી પાસ,
સેવક ધર્મ બજાવો સારો, અંતર્ આણી પૂર્ણ ઉલ્લાસ;

૧ પોતાનો. ૨ કપટી. ૩ ચાકરીપર ગુજરાન.

લાવી ખામી લુણહરામી, કદી થશો ના ચાકરી ચોર,
આ શુભ ધર્મ ગ્રહસ્થ તમારો, આદરજો આણીને જોર. ૩
વ્યય કરો શુભ સંચિતનો શુભ, ભરો પુણ્યના ઓઘ અંબાર,
દયા ધરો દિલમાં દીન ઉપર, એમ કરો નિજપર ઉપકાર;
પરોપકાર કરી સુખ પામો, ન્યાયવૃત્તિ[1] તેનું છે મૂળ,
આ શુભ ધર્મ ગ્રહસ્થ તમારો, સેવો મુગતીને[2] અનુકૂળ. ૪
સાધન ધન વ્યવહારે મોટું, તે મેળવજો રાખી નેક,[3]
અંતરાય ત્રુટી જાશે ને, લેશો લાભ વળી અનેક;
ઋદ્ધિ, સિદ્ધિ, સુખ સંપતનો, એ પરમ [4]રાહસ્યિક મર્મ,
મનસ્સુખ શુભ ધર્મ તમારો, સેવીને પામો [5]શિવશર્મ. ૫

મનસુખ વિ. કીરતચંદ મહેતા.

---

# प्रतिज्ञा या प्रत्याख्यान स्वरूप.

લેખક.

સન્મિત્ર કર્પૂર વિજય.

આત્મનિગ્રહ યા સંયમન અર્થે સ્વશક્તિ અનુસારે-સ્વવીર્ય ગોપવ્યા વિના અનેક ઉપયોગી નિયમ અંગીકાર કરવા યોગ્ય છે. વ્રત, નિયમ, પ્રતિજ્ઞા પચ્ચખ્ખાણ એ સર્વે પર્યાય શબ્દો રૂઢીથી એકજ અર્થ સૂચવે છે. કોઇ પણ પ્રકારનાં સારાં વ્રત અંગીકાર કરતાં તેમનું સ્વરૂપ સારી રીતે જાણવાની અને તેમ કરી ગ્રહીત વ્રતોને બરાબર પાળવાની પૂરી જરૂર છે. અંગીકાર કરવા યોગ્ય વ્રત-નિયમો **अरिहंत सक्खियं, सिद्धसक्खियं साहु सक्खियं, देवसक्खियं** અને **अप्पसक्खियं**—અર્થાત્ અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ તથા પોતાના આત્મા સાક્ષિક અંગીકાર કરવા એવી પવિત્ર શાસ્ત્રઆજ્ઞા પ્રવર્તે છે. દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવરૂપ ચતુર્વિધ આર્હતનીતિ સર્વત્ર જયવંતી વર્તે છે. તેથીજ કોઇપણ સદ્વ્રત ઉકત મહાનીતિને અનુ-

---

૧ નીતિથી ગુજરાન. ૨ મુક્તિ. ૩ એકનિષ્ઠા. ૪ ગુપ્ત. ૫ મોક્ષ.

સરીનેજ કરવામાં સ્વપરનું ખરૂં હિત સમાયલું છે. આવી અતિ પવિત્ર શાસન નીતિ પ્રમાણે કોઇપણ પ્રકારનાં સારાં વ્રત સેવી–આરાધી અંતે આત્મા અક્ષય સુખ પામે છે. અમુક વ્રત ગ્રહણ કરવા અભિલાષી જને પ્રથમજ જો પોતે વ્રતનું સ્વરૂપ સમ્યગ્ જાણ્યું ન હોય તો કોઇ સદાચારી સદ્ગુરૂ સમીપે જઇ વિનય પૂર્વક તે વ્રત સંબંધી સમજુતી મેળવી વૈરાગ્યવડે મહા વ્રતધારી ગુરૂ મહારાજનો યોગ મળે તો તેમની પાસે, નહિં તો બીજા પણ યોગ્ય જન સમીપે તે વ્રત-નિયમ અંગીકાર કરવા. આવી રીતે વ્રત ગ્રહણ કરનાર અને કરાવનાર સંબંધી 'જાણગ' 'અજાણગ' રૂપે ચઉભંગી-ચાર ભેદ થાય છે તે આ પ્રમાણે–

૧ વ્રત ગ્રહણ કરનાર જાણકાર, તથા કરાવનાર પણ જાણકાર.

૨ „ પણ કરાવનાર અજાણ

૩ વ્રત ગ્રહણ કરનાર અજાણ, પણ કરાવનાર જાણકાર.

૪ „ અને કરાવનાર પણ અજાણ.

આ ચાર ભેદોમાંથી પહેલો અને બીજો ભેદ વ્રત ગ્રહણ કરનાર પોતે વ્રતનું સ્વરૂપ સમજી તેને આદરતો હોવાથી શુદ્ધ છે. ત્રીજો ભેદ પણ જો વ્રત કરાવનાર વ્રતનું સ્વરૂપ તે વ્રતના ખપીને બરાબર સમજાવી કરાવે તો તે શુદ્ધ છે નહિં તો અશુદ્ધ; અને ચોથો ભેદ તો ઉભય અજાણ હોવાથી અશુદ્ધજ છે. માટે જેમ બને તેમ પ્રથમ ગમે તે સદ્વ્રત સંબંધી પૂરતી સમજુતી સદ્ગુરૂ સમીપે મેળવવા બનતો ખપ અવશ્ય કરવો ઘટે છે. કેમકે દરેક વ્રત નિયમ સંબંધી ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય, વ્યવહારાદિનો ખુલાસો સમ્યગ્ રીતે તેવા જ્ઞાની સદ્ગુરૂ વિના બીજા ભાગ્યેજ કરી શકે. વળી વ્રત ગ્રહણ કરવા કરતાં વ્રત ગ્રહણ કરી પાળવાવડેજ અધિકતા છે. માટે કોઇપણ મોટું વ્રત ગ્રહણ કરતાં પહેલાં તેની તુલના કરવી–તે સંબંધી અભ્યાસ કરવો યોગ્ય છે. અથવા સુખે જેનો નિર્વાહ થઇ શકે તેવું વ્રત વિચારી અંગીકાર કરી પાળવું યુક્ત છે. આ બાબત પણ શાસ્ત્રમાં ચઉભંગી કહી છે તે આ પ્રમાણે–

૧ વ્રત અંગીકાર કરતી વખતે સિંહ સમાન અને પાળતી વખતશિયાળ સમાન.

૨ „ અને પાળતી વખત પણ સિંહ સમાન.

૩ વ્રત અંગીકાર સમયે પણ શિયાળ સમાન પણ પાળતી વખત પણ સિંહ સમાન.

અને પાળતી વખત પણ શિયાળ સમાન

આ ચાર ભેદોમાં બીજો અને ત્રીજો ભેદ આદરવા યોગ્ય છે. કેમકે વ્રત સિંહની પેરે શૂરવીરપણે તેમાં પાળવામાં આવે છે. છેલ્લો ભેદ સર્વથા ત્યાજ્ય છે, તે કરતાં પહેલો ઠીક છે. આ નિયમ કોઇ પણ દાન, શીલ, તપ, કે ભાવ સંબંધી અભિગ્રહ યા પ્રતિજ્ઞામાં લાગુ પડે છે. કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે કેટલાક કાયર-છેલ્લી પંક્તિવાળા લોકો વ્રતને આદરી શકતાજ નથી એમ સમજીને કે વ્રત પાળવાં અત્યંત દુષ્કર છે તે કંઇ આપણાથી પાળી શકાય કે ? કેટલાક મધ્યમ-મધ્યમ પંક્તિના વ્રતનું માહાત્મ્ય સાંભળી ચકિત થઇ જઇ એકાએક સ્વશક્તિનો વિચાર કર્યા વિના વ્રત અંગીકાર કરે છે પરંતુ કંઇ વિઘ્ન આવે કે તરત કાયરપણું ધારી વ્રતનો ત્યાગ કરી દે છે. કેટલાક વળી દુઃખના માર્યા દ્રવ્ય સુખ પામવા વ્રત આદરે છે. સુખ પ્રાપ્ત થયે છતે શિથિલ થઇ જાય છે. અંતે વ્રત વિરાધક થાય છે. કેટલાક એવા પણ દાખલા બને છે કે દુઃખના માર્યા વ્રત-મહાવ્રત ગ્રહણ કર્યા બાદ તેનું યથાર્થ સ્વરૂપ સદ્ગુરૂદ્વારા સમજી ગ્રહણ કરેલાં વ્રતને સિંહવૃત્તિથી યથાર્થ પાળે છે. તેમને વિરાધતા નથી, તેઓ અંતે આરાધક થાય છે.

કેટલાક ઉત્તમ-ઉત્તમ પંક્તિના તો પ્રથમથીજ ગ્રહણ કરવા યોગ્ય વ્રતની સમ્યગ્ સમજુતિ યોગ્ય સદ્ગુરૂદ્વારા સંપાદન કરી તેની તૂલના ( અભ્યાસ ) કરી પૂર્વોક્ત શાસ્ત્ર નીતિ મુજબ દેવગુરૂ સાક્ષિક ઉક્ત વ્રતો અંગીકાર કરી સિંહવત્ આદરી, સિંહવત્ પાળી પ્રાંતે આરાધક થઇ સદ્ગતિગામી થાય છે. માટેજ શ્રમણ ભગવંત શ્રી મહાવીર સમાન મહાપુરૂષોના ઉત્તમ ચરિત્રોમાં " दखे दख पइन्ने " આવાં વચનો વારંવાર દૃષ્ટિગોચર થાય છે, જેમનો પરમાર્થ એ છે કે તેઓ પ્રતિજ્ઞા કરવામાં દક્ષ-ડાહ્યા દીર્ઘદર્શી હતા, નિર્વહી શકાય એવીજ પ્રતિજ્ઞા કરતા અને કરેલી પ્રતિજ્ઞાને પ્રાણાંત કષ્ટ પ્રાપ્ત થતાં સુધી ખંડતા નહિં. મહાપુરૂષો ગ્રહણ કરેલાં વ્રત, નિયમ કે પ્રતિજ્ઞાને પોતાના પ્રાણ કરતાં અધિક લેખે છે. વ્રત ભાંગીને જીવવા કરતાં તેઓ અખંડ વ્રત સાથે મરવું સ્વીકારે છે. વસ્તુતઃ જોતાં આ અસાર અને ક્ષણભગુંર દેહનો સાર માત્ર એજ છે કે

કંઇ પણ સારૂં વ્રત ગ્રહણ કરી તેને અખંડ પાળવું. આથી સિદ્ધ થાયછે કે 'જેટલું નિષ્પાપ-પાપરહિત જીવ્યા તેટલુંજ જીવિત લેખે બાકીનું નહિં.' તેજ ધન્ય-કૃતપુણ્ય કે જે ગૃહીત વ્રતને અખંડ-અણીશુદ્ધ પાળે છે. તેમજ તેજ શૂરવીર કે જે વિષય પાશને છેદી અનંતગુણ નિધાનને હસ્તગત કરી શકે છે. તેજ દક્ષ ચકોર કે જે સ્ત્રીના નેત્રકટાક્ષથી વિંધાતા નથી. તેણીના ગહન સ્ત્રીચરિત્રથી છેતરાતા નથી. તેણીને વશ થઇ અજ્ઞ-મોહ મૂઢની પંક્તિમાં લેખાતા નથી. પરંતુ તેઓ કમનસીબ છે કે જેઓ વિષય પાશમાં પડી, સ્ત્રીચરિત્રથી છેતરાઇ પવિત્ર વ્રત ભંગ કરી, લૂહારની ધમ્મણની પેરે શ્વાસોશ્વાસ માત્ર ગ્રહી જીવે છે. જ્ઞાની પુરૂષો આ ચાર બાબતો બનાવવી દુષ્કર બતાવે છે. ૧ દરીદ્રી-નિર્ધન-પોતાનુંજ મુશ્કેલીથી પૂરૂં કરનારવડે પાત્રદાન, ૨ અધિકારી જને ક્ષમા ધારવી, ૩ સુખી-વૈભવશાળીને ઇચ્છાનો નિરોધ-સંતોષ ધારવો તથા ૪ તરૂણ વયમાં ઇંદ્રિયોનો જય કરવો. આ ચારે વાનાં કરવાં દુષ્કર છતાં આત્મહિતૈષીએ અવશ્ય આચરવા યોગ્ય છે.

ગુણનો પણ ઉત્કર્ષ ( અહંકાર ) કરવો યોગ્ય નથી. કદાચ ઉત્કર્ષ થઇ જાયતો તરત પૂર્વ મહાપુરૂષોનાં પવિત્ર ચરિત્ર સામે દૃષ્ટિ દઇ આત્મ લઘુતા ભાવી સ્વઉત્કર્ષ શમાવવો; અન્યથા હાનિ થાય છે. આત્મશ્લાઘા કરનારને પડવાનો મોટો ભય છે. માટે આત્મશ્લાઘા કે પરનિંદા કરવા કદાપિ પણ પ્રવૃત્તિ કરવી નહિં. આટલું પ્રસંગોપાત કહી પોતાથી સુખે નિર્વહી શકાય તેવાં વ્રત-નિયમ અંગીકાર કરવા પહેલાં જરૂર જણાય તો તુલના ( અભ્યાસ ) કરીને પણ તે અવશ્ય આદરવાં કેટલાં ઉપયોગી છે તે તરફ આત્માર્થી જનોએ સ્વલક્ષ દોરવું ઉચિત છે. આપણે કેટલાંક વ્રત સંબધી તેનાં ઉપયોગીપણા માટે વિચાર કરીએ.

૧ **હિંસા ત્યાગથી**-મન, વચન અને કાયાની દુષ્ટ પ્રવૃત્તિથી અન્ય જીવોના ઇષ્ટ પ્રાણ હરવાનો નિશ્ચયથી નિષેધ કરવાવડે-આપણા આત્મામાં સહજ અહિંસકભાવ (ગુણ) પ્રગટ થતો જાય છે તે એટલે સુધી કે સર્વ જીવોને આત્મતુલ્ય (પોતાની બરાબર) લેખી તેમની જતના (સંરક્ષણ) કરવા પોતે પોતાની ખાસ ફરજ સમજી તેને અદા કરવા સદા ઉજમાળ રહે છે. આવા શુભ અભ્યાસના બળથી અંતે ઉક્ત મહાવ્રતની સિદ્ધિ થાય છે ત્યારે તેના આત્મપ્રદેશમાંથી અમૃત સમાન શીતલ શાંત રસનો પ્રવાહ વહે છે, જેથી તેની આસપાસનું વાતાવરણ એવું તો પવિત્ર બની જાયછે

કે તેમાં વસતા વાઘ વરૂ જેવા હિંસારી જાનવરો પણ હિંસકવૃત્તિને તજી-દઇ અહિંસક વૃત્તિને ભજે છે. આ સર્વ ઉક્ત મહાવ્રતનોજ પ્રભાવ છે એમ સમજી શાણા માણસોએ કોઇ પણ સ્થુલ કે સૂક્ષ્મ જીવને ત્રાસ થાય તેમ મનથી, વચનથી કે કાયાથી સ્વછંદ આચરણ કરવું નહિ. બીજા જીવોને ત્રાસ દેવાથી આપણે આપણા માટેજ ભવિષ્યનાં દુઃખનાં બીજ વાવીએ છીએ. અને અન્ય જીવોને આત્મ સમાન લેખી સુખ—સમાધિ ઉપજાવવાથી આપણે આપણાં ભવિષ્યનાં સુખનાંજ બીજ વાવીએ છીએ. કેટલાંક નિર્દય માણસો, હિંસારી જાનવરોની પેરે, માંસ ભક્ષણ કરવા, હરણીયાં-મૃગલાં જેવાં નિરપરાધી અને નિરાધાર ગરીબ જાનવરોના પ્રિય પ્રાણને પલકમાં હરી લઇ પોતાનાં પાપી પેટને પૂરવા તેમને મહા અસમાધિ ઉપજાવે છે. આમ નાહક પોતાની દુષ્ટ કામનાને વશ થઇ મૃગલાં જેવાં ગરીબ જાનવરોને પાપી લોકોના પંજામાંથી બચાવવાની પોતાની પવિત્ર ફરજ વિસારી તેમનાં કિંમતી જાનને એક હેલાએ અપહરનાર યમસહોદરો* આવો પ્રગટ અન્યાય કરી છુટી કયાં જવાના? તેવા નીચ-નાદાન-નામર્દોને જરૂર તેમનાં અપકૃત્યોનો બદલો મળ્યા વિના રહેવાનો નહિં. નર્કાદિક દુર્ગતિમાં ત્રાય ત્રાય પોકારવાના જેવાં રાચીમાચીને પાપ કર્યાં હશે તેવાં દુઃખ વિપાક તેઓને અવશ્ય ભોગવવાં પડશેજ. ત્યાં પછી કોનું શરણ? આમ છતાં હતભાગ્યોને પોતાનાં દુષ્કૃત્યો માટે કંઇપણ લજ્જા આવતી નથી. ઉલટાં એવાં કુકર્મ કરી મલકાય છે. અમે તેવો કટ્ટો શત્રુ પણ મુખમાં તૃણ લઇ આવી નમનારને શરણે રાખી તેને અભય આપે છે (બચાવે છે) તો જ્યારે મૃગલાં જેવી રાંક જાત, નિરંતર તૃણનોજ ચારો કરી સ્વનિર્વાહ કરનાર પામર પશુ વર્ગપર આવો અનહદ જૂલમ ગુજારવામાં આવે ત્યારે આવા અનાથ જીવોની વારે ચઢવાથીજ સ્વક્ષત્રિય નામ સાર્થક થાય તેને બદલે ક્ષત્રિય જેવી ઉચ્ચ ગણાતી જાતજ જો તેવાં નીચ-અનાર્ય કાર્યમાં સામેલ થાય, કસાઇની જેવાં હલકાં કૃત્ય કરવામાં કંઇ ધૃણા ન ધરે તો તે ક્ષત્રિય નામને શું ઓછું લાંછન (કલંક) લગાડે તેવું છે? પરંતુ પાપની બીક કોને છે? નવી ફેશનમાં પડેલા નાસ્તિક પ્રાય-તેઓને પરભવની શ્રદ્ધાજ કયાં છે? માંસ, દારૂ, શીકાર, ચોરી, જૂગાર, પરસ્ત્રી અને વેશ્યાગમનરૂપ સાત મહાવ્યસનોને ઉભય લોક વિરૂદ્ધ ગણી; નરકના દ્વારભૂત વર્ણવનારા પવિત્ર શાસ્ત્રોમાં નિર્મર્યાદ-તેમને આસ્તાજ કયાં છે? યમની બેન જેવી હિંસાથી જે ક્ષત્રયાદિકો ડરીને ચાલતા હતા તેના ફરજંદો આજ નિડરપણે હિંસામય

કૃત્યો કરી મનમાં ફુલાય છે. આ શું ઓછું બાયલાપણું કહેવાય ? પ્રજાનું દિલ ન્યાયપૂર્વક વર્તનથી પ્રસન્ન કરવું, પ્રજાનું બરાબર પાલન કરવું, આપત્તિમાંથી પ્રજાનો ઉદ્ધાર કરવો, દીન દુ:ખી ભણી વિશેષે રહેમ રાખી રહેવું, અપરાધીને પણ ક્ષમાપૂર્વક સુધારવા યત્ન કરવો, શરણે આવેલાને ઉચિત સહાય આપવી, પરીક્ષાપૂર્વક સત્યધર્મને સ્વીકારી સેવવો, પ્રાણાંતે પણ અનીતિ આચરવી નહિં, વગેરે વગેરે સુકૃત્યોમાં પુરૂષાર્થનો સદુપયોગ કરવાથીજ ક્ષાત્ર તેજ દીપી નીકળે; અન્યથા પ્રજાનું દીલ દુ:ખવવાથી, પ્રજાને પીડી અનીતિ આદરવાથી, નિર્દય-કઠોર પરિણામ ધારી અધર્મની પુષ્ટિ કરવાથી અને પાલન કરવા યોગ્ય પ્રજાને વિશ્વાસઘાત કરી ઠગવાથી તો ખરૂં જોતાં ગમે તેવો અધિકારી-રાજા સત્પુરૂષાર્થ હીન સતો હોળીના રાજાની ઉપમાને લાયક ઠરી શકે.

પૂર્વે રાજા મહા દયાળુ, પરોપકારશીલ, સત્યવાદી, નીતિવંત, ક્ષમાવાન, પરીક્ષાવંત અને ધર્મયુક્ત હતા. '**યથા રાજા તથા પ્રજા**' એ ન્યાયે પ્રજા પણ તેવીજ સુશીલ, વફાદાર, સત્યપ્રિય અને ધર્મનિષ્ટ હતી. અત્યારે જ્યારે અલબેલા રાજા-રાજકુંવરો પ્રજાને પ્રસન્ન કરવાને બદલે અસંતોષ-ઉચાટ ઉપજાવે છે ત્યારે પ્રજા કે જેનાપર તેમના ભવિષ્યનો આધાર છે તે રાજા કે રાજકુંવરોને શી રીતે ઉમળકાથી આદરી શકે ? ખરૂં જોતાં આજકાલના નામના ( nominal ) રાજાઓ મોટી રાજ્યસત્તા નીચે દબાયેલા હોવાથી પરાધીનપણે તેમની સામે પેટની વરાળ કાઢી શકતા નથી ત્યારે '**કીડી ઉપર કટક**' ની પેરે બાપડી-રાંકડી પ્રજાને પીલવા પ્રયત્ન કરે છે. આનું પરિણામ એ આવે છે કે પ્રજામાં બેદીલી પથરાય છે. જેથી રાજા કે રૈયતને કંઇ પણ ચેન પડતું નથી. આનો ઉત્તમ ઉપાય એ છે કે '**કુવામાં હશે તો અવાડામાં આવશે**' એમ વિચારીને પ્રજાનું તત્ત્વથી પાલન કરવામાં તેમજ સદ્વર્તનથી પ્રજાના દિલને પ્રસન્ન કરવામાં અધિકારી વર્ગે કે રાજાઓએ સંતોષ પકડવો જોઇએ. તે વિના પુરૂષાર્થહીન, નપુંસક પ્રાય રાજાઓપર પ્રજાને પણ પ્રતીતિ આવશે નહિં. પ્રથમતો માંસાદિક મહા વ્યસનોને દેશનિકાલ કરી '**અહિંસા પરમો ધર્મ:**' રૂપ સિદ્ધાંતવચનપર પોતને પૂરી પ્રતીતિ છે એમ સ્વદૃષ્ટાંતથી સિદ્ધ કરી આપવું જોઇએ. પૂર્વે જે આર્યભૂમિમાં હિંસાદિક અનાર્ય કામ મોટા અપરાધ રૂપ લેખાતા, તેજ આર્યભૂમિ આજકાલ કોટ્યાવધિ નિરપરાધી ગરીબ જા-

નવરોના નાહક નાશથી અનાર્ય ભૂમિનું આચરણ કરે છે છતાં તેમાં વર્સતા અને ગણાતા આર્ય લોકો અને તેના અધિપતિઓ-રાજા, અમીરો તેની દરકાર પણ કરતા નથી આતે કેવી અવદશાની વાત ! આતે કેવી પુરૂષાર્થની પ્રબળ ખામી ગણાય ! જો આવી અકારી હિંસાનો તનમનવચનથી સ્વયં નિશ્ચયપૂર્વક નિષેધ કરી, અન્યજનો પણ હિંસાદિ કુકૃત્યોમાં ભાગ ન લે-લેતા અટકે તેમ તેમને બોધવા, તથા હિંસક કાર્યોથી નિવૃત થયેલા સજ્જનોની યોગ્ય અનુમોદના કરવા સદા જાગૃત રહેવાય, તે માટે જરૂર યોગ્ય તન મન વચન કે ધનનો ભોગ આપવા લક્ષ બંધાય તો આજકાલ પાપી પ્રમાદના જોરથી વ્યાપી રહેલી હિંસા નાબૂદ થવાનો એક વખત અવસર આવે. ફક્ત આર્યજનોને કુંભકરણની ઉંઘમાંથી જાગવાની જરૂર છે. પરલોકની શ્રદ્ધા રાખી, પાપથી ડરી, સદ્ધર્મ સેવવામાં આવશે તો સર્વ આપદાના મૂળભૂત હિંસાનું સ્થાન મહામંગળમય અહિંસા શીઘ્ર પૂરવા સમર્થ થશે અહિંસાનું પ્રીતિપૂર્વક સેવન કરવાથી સર્વ જીવો સાથે મૈત્રીભાવ થઇ શકશે. મૈત્રીભાવની દૃઢતા થતાં ગુણીજનો પ્રતિ પ્રમોદભાવ વધશે. પ્રમોદભાવની વૃદ્ધિ થતાં ગુણમાં ન્યૂન-દુઃખી જીવો પ્રતિ અનુકંપાબુદ્ધિ તેમને સમાન ગુણી-સુખી કરવા સહજ જાગૃત થશે. તેમજ તદ્દન ગુણહીન પર પણ દ્વેષબુદ્ધિ જાગશે નહિં. આમ સદ્વિવેકથી વર્તતાં અનાદિ સહચારીપણે વર્તતા રાગ દ્વેષાદિક અંતરંગ શત્રુઓ સહજે અળગા થઇ જશે અને આત્મા પરમાત્મપદ પામવા અધિકારી થઇ રહેશે. જે જે વ્યક્તિ આમ તાત્વિક સુખરસિક થઇ ઉક્ત નીતિને વિવેકથી અવલંબશે તે તે વ્યક્તિ સહજ સુખ સંપ્રાપ્ત કરી સામુદાયિક સુખમાં અભિવૃદ્ધિ કરી શકશે. પરમ ઉપગારી પરમાત્મ પ્રભુની પવિત્ર આજ્ઞાને છતી શક્તિએ આરાધવામાં પ્રમાદી થઇ સ્વચ્છંદ વર્તનથી પર પ્રાણનું અપહરણ કરવારૂપ હિંસાથી, હિંસા કરનાર બીજા ભવમાં અનેક આપત્તિનું સ્થાન થાય છે. રોગિષ્ટ શરીર, ઇંદ્રિયોમાં ખોડ, દારિદ્ર, દૌર્ભાગ્ય, ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગાદિક સર્વે હિંસાનાંજ ફળછે અને નીરોગી શરીર, સંપૂર્ણ ઇંદ્રિય, ઐશ્વર્ય, સૌભાગ્ય અને ઇષ્ટ સંયોગાદિક સર્વે પ્રત્યક્ષ અહિંસાનાંજ ફળ છે એમ સમજી શાણા માણસોએ યમની સહોદરી હિંસાનો સર્વથા પરીહાર કરવા અને મહામંગળમય અહિંસા (દયા)ની અભિવૃદ્ધિ કરવા પ્રતિદિન ઉજમાળ રહેવું ઘટે છે.

જે જેવાં જેવાં પાપ સેવે છે તે તેવાં તેવાં પાપથી ઓછામાં ઓછો દશ ગુણો દુઃખી તો થાયજ છે. પરંતુ જો તે તે પાપ તીવ્ર કષાયથી રાચી માચી કર્યાં હોય તો તો સોગુણું, હજારગુણું, લાખગુણું, ક્રોડગુણું, યાવત્ અનંતગુણું કટુક ફળ પામે છે. માટેજ મહાજ્ઞાની તત્ત્વવેત્તા પુરૂષો વારંવાર પોકાર કરીને જણાવે છે કે '**કર્મ કરતી વખત વિચાર રાખો**' પછી '**કર્મને શરમ નથી**' '**હસતાં બાંધ્યાં કર્મ, રોતાં છૂટે નહિ**' '**બંધ સમય ચિત્ત ચેતિયે, શો ઉદયે સંતાપ.**' વગેરે વગેરે વચનો આપણને વારંવાર બોધે છે કે તમે હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ (મૈથુન), પરિગ્રહ (મૂર્છા), ક્રોધ, માન, માય, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન (કૂડાં આળ દેવાં), પૈશુન્ય (ચાડી ખાવી), હર્ષ-ઉન્માદ, શોક-દીનતા, પરનિંદા, માયામૃષા (કહેવું કંઇ અને કરવું કંઇ) અને **મિથ્યાત્વ** શલ્ય (મિથ્યા કદાગ્રહાદિક રૂપ)થી જેમ બને તેમ ઉતાવળથી અળગા (દૂર) રહો.

**૨ અસત્ય ભાષણથી** સામાને અણપ્રતીતિ આવે છે. કોઇ પછી પોતાની પત કરતું નથી, જેથી ક્વચિત સાચું પણ માર્યું જાય છે. **સત્યથી** સામાને સંતોષ આવે છે. વિશ્વાસ બેસવાથી ધાર્યું કામ થઇ શકે છે, તેમજ ખરી ટેકથી સત્યના પ્રભાવે દેવતા પણ સહાય થાય છે. દુષ્ટ દેવો સત્યવાદી પર ફાવી શકતા નથી. માટે શાણા માણસોએ ક્રોધાદિક કષાયથી કે ભય તથા હાસ્યથી પ્રાણાંતે પણ અસત્ય બોલવું નહિં. મુખપાક રોગ, તોતડી જીભ, બીજાને ન સોહાય એવી વાણી એ સર્વ અસત્ય બોલવાનાંજ ફળ છે અને સ્પષ્ટ અને મિષ્ટ-મધુરી વાણી, સર્વ કોઈ હોંશે અંગીકાર કરે એવું આદેયવચન એ સત્યનોજ પ્રભાવ છે એમ સમજી સજ્જનોએ હમેશાં સત્યજ વચન બોલવાનું વ્યસન પાડવું યોગ્ય છે.

**૩ ચોરી કરનારને** સાક્ષાત્ પરાઈ વસ્તુ અતિનીથી અપહરવાથી કે ચોરાયેલી વસ્તુને જાણી જોઇને લેવાથી કે વિશ્વાસઘાત કરવાથી, કે પરાઇ થાપણ ઓળવવાથી પ્રાયઃપ્રત્યક્ષ રાજદંડ વધબંધન આદિકનો મહાભય પેદા થાય છે અને પરભવમાં નર્ક તિર્યંચાદિકની વેદના, નિર્ધનતા તથા ઘણીજ લઘુતા પામે છે. ચોરીનું વ્યસન નિવારવાથી ઉક્ત દોષોની હાનિ સાથે સુખ સમાધિ પ્રાપ્ત થાય છે. અંતરાય તૂટવાથી લક્ષ્મી સંનિહિત થાય છે. આમ સમજી શાણા માણસોએ ચોરીનું મહાવ્યસન નીવારવુંજ યોગ્ય છે.

**મૈથુન**—મર્યાદા રહિત વિષયક્રીડા-પશુક્રીડા કરવાથી આખા દેહના કે આયુષ્યના આધારભૂત ધાતુ-વિર્યનો અત્યંત વિનાશ થાય છે. છતાં જેમ ઇંધણાથી આગ ઓલાતી નથી, નદીઓથી સમુદ્ર તૃપ્તિ પામતો નથી તેમ કામાંધ-વિષયોને પણ સંતોષ ઉપજતો નથી. ઉલટી તૃષ્ણા વધતી જતી હોવાથી તે બાપડો બહુ દુઃખી થાય છે. કામાંધ માણસ એક અબળાનો પણ દાસ થઇ રહે છે. કામાંધ થયેલો માતા, બ્હેન કે દુહિતા (દીકરી) ને પણ ગણતો નથી. ઉભય લોક વિરૂદ્ધ પરસ્ત્રી કે વેશ્યાગમન પણ આચરે છે, અંતે બેહાલ થઇ અધોગતિ પામે છે. મૈથુન નિમિત્તે લાખો જીવોનો સંહાર કરી પાપી મનને પોષે છે. તેજ મન તેને દુર્ગતિમાં ખેંચી જાય છે, માનભ્રષ્ટ કરે છે, યાવત્ તેને મહાભયમાં લાવી મૂકે છે. આવાં સર્વ બંધનથી મુક્ત થવું હોય તો પરસ્ત્રી તથા વેશ્યાગમનનો સર્વથા નિષેધ કરી સ્વદારાસંતોષી થઈ જેમ બને તેમ વિષની પેરે વિપાકે વિષમ વિષયનો અવસ્ય ત્યાગ કરવો ઘટે છે. બ્રહ્મચારી જેવી સુખમય જીંદગી ગુજારે છે તેવી ઇંદ્રિ કે ચક્રવર્તી પણ અનુભવી શકતો નથી, કેમકે ઇંદ્રાદિક પુદ્ગલના આંશી છે, સ્ત્રીના ગુલામ છે અને બ્રહ્મચર્યવંત તો અતીંદ્રિય-સહજ આત્મસુખ અનુભવે છે. કામાંધ પોતાનો અમૂલ્ય વખત સ્ત્રીસેવામાં ગાળે છે. ત્યારે બ્રહ્મચારી તો સંતસેવા યા પરમાત્મભજનમાં યા પવિત્ર શાસ્ત્રઅભ્યાસમાંજ પોતાનો વખત સાર્થક કરે છે. કામાંધનું ચિંતવ્યું કંઇ થતું નથી. બ્રહ્મચારીના તો મનોરથમાત્ર ફળે છે, શીઘ્ર મંત્રવિદ્યા ફળીભૂત થાય છે, યશોવૃદ્ધિ થાય છે અને દેવો પણ સહાય કરે છે, યાવત્ તેના સર્વે ઉપદ્રવો ઉપશમે છે અને વિપદા સંપદા રૂપ થાય છે. આવા અનેક દૃષ્ટાંતો 'સતા' અને 'સતીઓ'ના પવિત્ર ચરિત્રોમાં દૃષ્ટિગોચર થાય છે. ગમે તેવા કષ્ટમાં પણ તેઓએ આ મહાવ્રત અણીશુદ્ધ-અખંડ પાળ્યું છે તો તેઓ સર્વ દુઃખને તરી અંતે અક્ષય સુખના અધિકારી થયા છે એમ સમજી શાણા માણસોએ અબ્રહ્મને સર્વથા છંડી પવિત્ર બ્રહ્મવ્રત સેવવું અને સંતોષ ભાવ ભજી સહજ આત્મિક સુખનો સાક્ષાત્ અનુભવ કરવો યોગ્ય છે.

૫ **પરિગ્રહ મમતા** પરીહરવી યોગ્ય છે. ધન ધાન્યાદિક નવ પ્રકારનો બાહ્ય અને ત્રણવેદ, હાસ્યાદિ ષટ્ક, મિથ્યાત્વ અને ચાર કષાય મળી ૧૪ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ જીવને અત્યંત દુઃખદાયી છે. જેમ અતિભારથી ભરેલું વહાણ ડુબી જાય છે, તેમ પરીગ્રહ ભારથીપણ પ્રાણી

અધોગતિ પામે છે. માટે પરિગ્રહભારથી મુક્ત થવા મોક્ષાર્થી જીવોએ પ્રયત્ન કરવો ઉચિત છે. બીજા ગ્રહ કરતાં પરિગ્રહ ગ્રહ પ્રાણીને બહુ પીડે છે. મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરી જીવને સંસારઅટવીમાં રખડાવે છે માટે શાણા માણસોએ પરિગ્રહનો વિશ્વાસ કદાપિ કરવો નહિં.

૬ **ક્રોધ**—કૃશાનુ (અગ્નિ) સમાન હોવાથી પ્રથમ તો જેમાં પ્રગટ થયો તે ક્રોધીનેજ બાળે છે અને જો સામામાં સમતાજળ ન હોય, ઉપશમ રસનો અભાવ હોય તો તેને પણ પ્રજાળે છે. પરંપરાએ ભારે મોટું નુકશાન કરે છે. ક્રોડ પૂર્વ સુધી દુષ્કર તપ કર્યો હોય છતાં કાચી બેઘડીમાં ક્રોધ અગ્નિ સર્વ સુકૃતનો સંક્ષય કરી નાંખે છે. પરંતુ જો તેવા દુષ્કર તપ જપ સંયમ સાથે સમતાભાવ સેવ્યો હોય તો તે નિકાચિત કર્મનો પણ ક્ષય કરી શકે છે; માટે શાણા સજ્જનોએ ઉપશમ રસવડે ક્રોધ અગ્નિને ઠારવા અને તેમ કરી કરેલી સુકૃત કમાણી સફળ કરવા સદા પ્રયત્ન કરવો. નાદાન લોકે કરેલા આક્રોશ, તાડન, તર્જન વગેરેથી કંટાળી ક્રોધાદિ કષાયનો સંગ કરવો નહિં; સમતામય સહજ આત્માના સ્વભાવમાં અહોનિશ રમણ કરી જન્મ મરણનો ભય કાયમ માટે ટાળવો, અને ક્ષમારૂપ વજ્રપંજરમાં પેસી કાળનો સ્વપ્નમાં પણ સ્પર્શ ન થાય તેમ સાવધાનપણે શુભ અભ્યાસ સેવવો. જેથી અંતે સમતારૂપી અમૃતવૃષ્ટિથી કદાપિ પણ ક્રોધાગ્નિનો ભય રહેજ નહિં.

૭ **માન**—માનવીને બહુ પ્રિય છતાં પરિણામે બહુ દુઃખદાયી જાણી મુદિત-તત્વના જાણ તેનો અનાદર કરે છે. માની-અહંકારી માણસ વારંવાર મર્યાદાનો લોપ કરી ઉન્માર્ગે ગમન કરે છે અથવા ગજા ઉપરાંત કામ કરવા જાય છે, જેમાં સ્ખલના થવાથી અથવા નિષ્ફળ થવાથી માનભ્રષ્ટ થઇ બહુ દુઃખપાત્ર થાય છે, છતાં પણ **'છીંદરી બળે પણ વળ ન મૂકે'** તેમ અજ્ઞાન અને મોહના જોરથી પાછું માન આદરે છે અને પુનઃ પુનઃ દુઃખી થાય છે. સર્વ દુઃખ નિવારવાનો ઉત્તમ ઉપાય **'વિનય'** નમ્રતા છે. નમ્રતા-મૃદુતા જાતે કમળથી પણ કોમળ છતાં ક્ષણવારમાં વજ્ર જેવા અહંકારને છેદી-ગાળી નાંખે છે એ મોટું આશ્ચર્ય છે. માને મોટા વીરપુરૂષો જેવા કે બાહુબળી, રાવણ, જરાસંધ જેવાને પણ ઠામ-ઠેકાણે પડવા ન દીધા તો બીજા સામાન્ય માણસનું તો ગજુંજ શું! આમ સમજી શાણા માણસોએ માન-ગુમાન તજી નમ્રતા આદરવી યોગ્ય છે. વિનય ગુણ સર્વ સુખનું વશીકરણ છે માટે અક્ષયસુખના ~~અર્થીજનોએ~~ અવશ્ય વિનયગુણ આદરવો,

જેથી અનેક ગુણોનું સહજ આકર્ષણ થતાં સિદ્ધિવધૂ સહેજ આવી વર-માળા આરોપશે.

૮ **માયા**—કુટિલતા સર્વ દોષોનું મૂળ અને આપદાનું સ્થાન હોવાથી મોક્ષાર્થીજનોએ અવશ્ય પરીહરવી યોગ્ય છે. માયાવી માણસને પારકી ઓશીઆળ-પરાધીનતા ઉપરાંત રખે પોતાની માયાજાળ ખુલ્લી પડી જાય તે માટે ભય રાખી રહેવાની જરૂર પડે છે. પરંતુ માયા રહિત-સરલ સ્વભાવી સજ્જનને તેવો કોઇ ભય રાખવો પડતો નથી. માયાવી માણસની ધર્મકરણી પણ સર્વ નિષ્ફળ જાય છે અને નિર્માયી-સરલની સર્વ સફળજ થાય છે. માયાવી માણસ બહારથી માખણ જેવો નમ્ર છતાં અંતરથી અત્યંત કઠીણ હોય છે અને સરલ તો જેવો બહાર તેવોજ અંદર હોય છે જેથી જ્યાં ત્યાં મનાય-પૂજાય છે. માયાવી માણસ દંભી, પ્રપંચી એવાં હલકાં ઉપનામોથી ઓળખાય છે અને જ્યાં ત્યાં તિરસ્કાર પામે છે, અને સરલ સ્વભાવી સારાં વિશેષણોથી વારંવાર વખણાય છે. માયાસાપણી જગત્ માત્રને ડંસી તેના ગુણ-સત્વનો નાશ કરે છે. સરલારૂપ જાંગુલી મંત્ર વિના તે વશ થઇ શકતી નથી માટે સદ્‌ગુણોના અર્થી શાણા સજ્જનોએ માયા-વૃત્તિનો સર્વથા ત્યાગ કરી નિર્માયી થઇ રહેવું.

૯ **લોભ** સર્વ અનર્થનું મૂળ હોવાથી સુખના અર્થીએ છંડવા યોગ્ય છે અને સર્વ સુખનું મૂળ-સંતોષ ગુણ સેવવા-આદરવા યોગ્ય છે. જેમ જેમ લાભ મળે છે તેમ લોભીનો લોભ વધતો જાય છે. જ્ઞાનીલોકો લોભને **મનોરથ ભટની ખાડી**ની ઉપમા આપે છે. જેમ જેમ તે ખાડી પૂરવા જાય તેમ તેમ ઉંડી થતી જઈ પૂરનારને લોભાવે છે. પરિણામ એ આવે છે કે '**લોભીઆ પાસે ધૂતારા ભૂખે ન મરે**' તેમ મનોરથભટ લોભીયાને લલચાવી ફાવી જાય છે અને બાપડો લોભાંધ તો તે ઉંડી ખાડને પૂરતાં પૂરતાં પોતાનું અમૂલ્ય મનુષ્યઆયુષ્ય પૂરૂં કરી નાંખે છે, અને બાપડો બેહાલ મરી મમ્મણશેઠની પેરે માઠી ગતિ પામી પાછો અમૂલ્ય માનવભવ પામી શકતો નથી. પરંતુ પૂર્વસંચિત-અદૃષ્ય ઉપર વિશ્વાસ રાખી ન્યાય-નીતિથી ઉદ્યમ કરે તો આણંદ-કામદેવાદિ દશ શ્રાવકો કે પુણિયાશ્રાવકની પેરે યથાયોગ્ય ન્યાયદ્રવ્ય સંપાદન કરી, તેનો વિવેકથી સારાં ક્ષેત્રમાં વ્યય કરી, સંતોષી જીવડો અનર્ઘ્ય (અમૂલ્ય) લાભ હાંસલ કરી સ્વર્ગપુરીમાં સધાવી અંતે અવિચળ મોક્ષસુખને સ્વાધીન કરી શકે છે. એમ

સમજી શાણા સજ્જનોએ લોભવૃત્તિ તજી જેમ બને તેમ સંતોષવૃત્તિ ભજવી યોગ્ય છે. પરમ સંતોષવૃત્તિને ભજ્યા વિના કદાપિ કોઈપણ જીવનું પરમાર્થથી કલ્યાણ થવાનું નથીજ.

૧૦ **રાગદોષ** આત્માને કલંકરૂપ હોવાથી હેય-તજવા યોગ્ય છે. જેમ સ્ફટિક ઉપર મૂકેલું રાતું ફૂલ કે ડાઘ તેનું (સ્ફટિકનું) મૂળરૂપ બદલી તેને વિરૂપ કરે છે તેમ રાગ પણ આત્માનું મૂળ સહજ સ્વરૂપ બદલી તેને સ્વરૂપભ્રષ્ટ * કરે છે. પછી **रागी दोषं न पश्यति**-રાગાંધ બનેલો જીવ પોતાના દોષને દેખી શકતો નથી, જેથી સંક્લેશકારી દોષને નિત્યપ્રતિ પોષતોજ જાય છે. રાગાંધ જે વિષયમાં રાગ બાંધે છે તેના વિરહે તેને જે દુઃખ થાય છે તે તેનોજ આત્મા કે જ્ઞાનીજ જાણી શકે, માટે સહજ સુખના અર્થીજને વિષયરાગ તજી વૈરાગ્ય ધારવો યોગ્ય છે. વૈરાગ્યવડે પ્રશમ (શાંત) રસની પ્રાપ્તિ થાય છે, જેથી આત્મા અક્ષય સુખનો અધિકારી બની જાય છે.

૧૧ **દ્વેષદોષ** પણ રાગની જેવોજ દુઃખદાયી જાણી છંડવા યોગ્ય છે. ઉક્ત બંને દોષો સહચારી હોવાથી ઉક્ત દોષદુષ્ટનું અંતઃકરણ ઘણુંજ મલીન રહે છે. ઇર્ષા, ખાર, મત્સર, અસૂયા, કાળ, ક્રોધ એ વગેરે પર્યાય શબ્દો છે. શાંતનો ભંજક અને અસમાધિ કારક દ્વેષ આત્માર્થીએ અવશ્ય વર્જવા યોગ્ય છે.

૧૨ **કલહ** કરવાની રીતિ વખોડવા યોગ્ય છે. પ્રથમતો વચન માત્રથી વિવાદ શરૂ થાય છે પરંતુ પૂર્વોક્ત રાગ-દ્વેષની સહાયથી વચનવિવાદનું પરિણામ બહુજ વિપરીત આવે છે. કલહ એ મનની દુષ્ટતાનું પરિણામ છે. કલહથી મારામારી થતાં રાજદંડ, લોકાપવાદ વગેરે શિક્ષા ઉપરાંત કવચિત કમોતે મરી વૈર વિરોધનાં માઠાં બીજ વાવી જીવ ચારે ગતિમાં રોળાય છે, એમ સમજી શાણા માણસોએ જેમ બને તેમ 'કલેશનું મોં કાળું' જાણી અલચ્છી-દારિદ્રના મૂળ ભૂત કલહને વારવા બનતો પ્રયત્ન કરી જેમ સ્વપરને સમાધિસુખની વૃદ્ધિ થાય તેમ કરવું યોગ્ય છે.

૧૩ **અભ્યાખ્યાન**-પરને આળ આપવાં, કૂડાં કલંક ચઢાવવાં એ આત્માને અત્યંત અહિતકારી હોવાથી તજવા યોગ્ય છે. જીવ જેવાં કર્મ કરે છે તેવાંજ ફળ ભોગવે છે. તે વળી જો કઠોર પરિણામથી રાચીમાચી કર્યાં હોય તો તેથી અસંખ્ય ગુણાં કટુક ફળ જીવને ભોગવવાં પડે છે. એમ સમજી સુખના અર્થીજનોએ કૂડાં કર્મ કરવાંજ નહિં, પરંતુ સાચા દિલથી

શુભ કૃત્યોજ કરવાં, જેથી જીવને કદાપિ કોઇ પણ ભવમાં કષ્ટ ભોગવવું પડેજ નહિં.

૧૪ પૈશુન્ય-પારકી ચાડી કરવાથી પરના પ્રાણ મોટા જોખમમાં આવી પડે છે તેથી ચાડી કરનાર મહાપાપનો ભાગી થાય છે. ખરૂં જોતાંતો 'ખાડો ખોદે તેજ પડે' એ દાખલાથી પોતેજ સપડાઇ જાય છે. સામાનું પુણ્ય પ્રબળ હોય તો તેનું અનિષ્ટ કરવા કોઇ પણ સમર્થ થઇ શકતું નથી; પરંતુ પરનું અનિષ્ટ કરવા જનારનું તો અવશ્યમેવ અનિષ્ટ થાય છે. તે મલીન મનના પરિણામથી માઠાં કર્મ બાંધી મરી અનેક ભવમાં વિડંબના પામે છે, માટે સમજુ માણસે પારકી ચાડી કરવાની પડેલી કુટેવ ટાળી વખતનો સદુપયોગ કરી સ્વજન્મ સુધારવા યત્ન કરવો યોગ્ય છે.

૧૫ રતિ હર્ષ-ઉન્માદરૂપ દોષ પ્રાણીને દુઃખપાત્ર કરે છે પ્રાયઃપ્રાણીને કંઇ નવીન શુભ વસ્તુની પ્રાપ્તિ સમયે હર્ષ થાય છે, અને અશુભ સંયોગે ખેદ થાય છે, પરંતુ ખરૂં જોતાં એ પ્રાણીનીજ ભૂલ છે. જેમ કૂતરાને ઢેફું કે પથ્થર મારતાં તે તે ઢેફા કે પથ્થરનેજ ખાવા ધાય છે તેમ અશુભ સંયોગે તે ઉપર ખેદ અને શુભ વસ્તુના સંયોગે તે ઉપર હર્ષ-ઉન્માદ અણસમજુ-અજ્ઞાન જીવો કરે છે. જેમ સિંહ પોતાને મારવામાં આવતા બાણ વગેરેને નહિં વતાવતાં મારનાર ધણીનેજ પકડી થાપ મારેછે તેમ સમજુ-શાણા લોકો ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુના સંયોગે તેનું મૂળ કારણ તપાસી ઉચિત આચરે છે, પરંતુ ઇષ્ટ સંયોગે તે ઇષ્ટજ ઉપર રાગ કે અનિષ્ટ સંયોગે તે અનિષ્ટ ઉપરજ દ્વેષ (ખેદ) કરતા નથી તે **સિંહવૃત્તિ** કહેવાય છે, અન્યથા **શ્વાનવૃત્તિ** ગણાય છે ઇષ્ટ અનિષ્ટ વસ્તુના સંયોગનું ખરૂં કારણ જીવે પોતેજ પૂર્વે કરેલું શુભ-અશુભ કર્મજ હોય છે. જો પોતાને શુભજ વહાલું છે તો લક્ષ્મી, કુટુંબ વગેરે સંયોગ ઉપરજ રાગ કરવાને બદલે જેના પ્રભાવે શુભ સંયોગો મળી શકે છે તેવાં શુભ કૃત્ય-સુકૃત-ધર્મ કરણીમાંજ રાગ ધારવો યોગ્ય છે, અને જો પોતાને અશુભજ ગમતું ન હોય તો અશુભ સંયોગોપર અભાવો કરવા કરતાં, જેનાથી તેવા અશુભ સંયોગો મળ્યા તેવા અશુભ કર્મ-દુષ્કૃત-પાપ ઉપરજ અભાવો લાવવો યુક્ત છે. આનું નામ સિંહવૃત્તિ તેથી વિરૂદ્ધ તે શ્વાનવૃત્તિ સમજવી. સાર એ લેવાનો છે કે ઇષ્ટ અનિષ્ટ સંયોગે અજ્ઞાનીની જેમ હર્ષ-ખેદ નહિં કરતાં સમભાવે ધર્મની આરાધના કરવી, અને વિરાધનાથી દૂર રહેવું. આત્મ

કરવાથી અનિષ્ટ સંયોગો આપો આપ દૂર થશે અને શુભ સંયોગો સહજે આવી મળશે. શુભ કાર્યાર્થીએ અવશ્ય શુભ કારણોજ સેવવાં અને અશુભ તજવાંજ જોઇએ.

**અરતિ**—ખેદરૂપ દોષનું કંઇક વિસ્તાર પૂર્વક ખ્યાન ઉપર પ્રસંગોપાત્ત અપાયું છે તેથી સમજી લઇ આત્માર્થી સજ્જનોએ અનિષ્ટ સંયોગોમાં અરતિ નહિં સેવતાં તેના મૂળ કારણભૂત પાપ ઉપર અભાવો-અણગમો કરી વૈરાગ્યવાસનાથી શુભકૃત્ય કરવામાં વિશેષે પ્રીતિ જોડી સહજ સુખ સંપ્રાપ્ત કરવું. જેથી દુઃખ માત્રનો અંત થયે આત્માને કોઇ પણ પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવમાં અરતિ થાયજ નહિં. રતિ અને અરતિ પરિણામે એક સંબંધવાળી હોવાથી તે એક પાપસ્થાન રૂપજ ગણાય છે, કારણ કે જ્યાં કોઇ પણ કારણ પ્રાપ્ત થયે રતિ-હર્ષ થાય છે ત્યાંજ તે કારણ નષ્ટ થયે પાછી અરતિ-શોક થાય છે.

**૧૬ પર પરિવાદ**-પરનિંદા આ પ્રબળ પાપસ્થાનછે. પારકી નિંદા કરવાથી આત્મા કર્મરૂપ ભારે ભરાય છે. પારકી નિંદા કરવાની જેને ટેવ પડે છે તે પછી હકીકતનું પણ ખરા ખોટાપણું જોઇ શકતો નથી. તેની જીભને ખુજલીજ રહ્યા કરે છે, તેથી જેવી કોઇની હલકી વાત સાંભળે છે કે તરત બીજાને કહે છે ત્યારેજ તેને નિરાંત થાય છે. નવરા તેમજ ઇર્ષ્યાળુ પ્રકૃતિના માણસોમાં આ ટેવ વિશેષ હોય છે. શાસ્ત્રકાર નિંદકને ચંડાળની ઉપમા આપે છે, તેથી આ દોષ અવશ્ય પરિહરવો. એમાં આત્મગુણની ઘણી હાની છે. લાભ તો કોઇ પ્રકારનો છેજ નહીં.

**૧૭ માયા-મૃષાવાદ** મહા દુઃખદાયી જાણી તજવા યોગ્ય છે. કહેવું કંઇ અને કરવું કંઇ-કહેણી અને કરણી ભિન્ન કરવાથી લોકમાં અપ્રીતિ, અવિશ્વાસ અને અપમાનનું પાત્ર થવું પડેછે. આતો વિષને વધારવા જેવું જાણવું. એથી જરૂર પોતાના ભાવપ્રાણભૂત જ્ઞાન, દર્શન, ચારિત્રાદિનો લોપ થાય છે, તેમજ તે પાછા ભવાંતરમાં પણ મળવા દુર્લભ થઈ પડે છે. કહેણી કરણી એક સરખી કરનાર સજ્જન સર્વ સન્માન સાથે પ્રીતિ અને વિશ્વાસ પાત્ર થાય છે. કેટલાક માંખણીઆ-મુખે મીઠાબોલા-ખુશામતિયા, તેમજ દુધમાં અને દહિંમાં પગ રાખનાર પક્ષપાતીઆથી ઉક્તદોષ બહુધા સેવાય છે. આવા અજ્ઞાનીની ધર્મકરણી પણ નિષ્ફળજ થાય છે એમ સમજી શાણા માણસોએ સ્વપ્નમાં પણ ઉક્ત મહાદોષ સેવવા રૂચિ ધારવી નહિ.

**૧૮ મિથ્યાત્વ શલ્ય**, કોઇપણ ભયંકર શલ્ય કરતાં અધિક અનર્થકારી છે. બીજા શલ્ય ક્વચિત એકજ વખત પ્રાણ હરે છે પણ અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ સ્થાપવા રૂપ મિથ્યાત્વ શલ્ય તો પ્રાણીને ભવ ભવમાં મારે છે. કદાગ્રહવડે સાચી વાતને પણ ખોટી પાડી ખોટી વાતને સાચી સાબીત કરવા માથાફોડ કરનાર, ગુણદોષને સમાન કરનાર, સાચી વાતમાં સંશય ધરનાર, પરીક્ષા વિના મનમાં આવ્યું તેમ માનનાર તથા કેવળ શૂન્યપ્રાય-મિથ્યાત્વદોષ દૂષિત હોવાથી બહુ દુઃખી થાય છે. મિથ્યાત્વ સહિત ધર્મકરણી વિષમિશ્રિત મિષ્ટાન્ન સમાન જાણવી. સોમણ દૂધપાકમાં પા ભાર વિષ ભળવાથી સર્વ વિષરૂપ થઇ ભક્ષણ કરનારને મારે છે તેમજ મિથ્યાત્વ સહિત ધર્મકરણી આશ્રી સમજી લેવું. તત્ત્વશ્રદ્ધા-તત્ત્વ આગ્રહરૂપ સમ્યક્ત્વ (સમકિત) અમૃતના પેરે આત્માને સમાધિ સુખ અર્પી મોક્ષમાગી કરે છે. આમ વિવેકવડે વિચારી મિથ્યાત્વ શલ્યનો ઉદ્ધાર કરી સમકિત રત્નનો યત્નથી આદર કરવો ઉચિત છે.

**૧૯ અભક્ષ્ય-અનંત કાયાદિનું ભક્ષણ** બહુ દોષકારી જાણી પરીહરવું યોગ્ય છે. મધ, માખણ, વિષ, હિમ, કરા, કાચું મીઠું, તિલ, ખસખસ, અજાણ્યાં ફળ, અત્યંત કુણા પત્ર ફળ વગેરે, બે રાત્રી ઉપરાંતનું દહીં, કાચા ગોરસ (દુધ, દહીં અને છાશ) સાથે કઠોળ ભક્ષણ, ચલિત રસ (જેનો સ્વાદ બગડયો હોય તે), કંદમૂળ (ભૂમિકંદ-આદુ, મૂળા, ગાજર, રતાળુ, બટાટા વગેરે) રિંગણ વિંગણ, પીલુ, પીંચુ, પંપોટા, વડબોર પ્રમુખ, વડના ટેટા વગેરે જીવાકુળ તથા તુચ્છફળ સર્વે સર્વથા વર્જવા રાત્રીભોજન, દિન ઉગ્યા વિના જમવું, લગભગ વેળાએ વાળુ કરવું, વાસીભોજન, બોળ અથાણું વગેરે અભક્ષ્ય જાણવાં. કિંપાકના ફળની જેમ ખાતાં સારાં લાગતાં છતાં પૂર્વોક્ત સર્વે અભક્ષ્ય પદાર્થો પરિણામે ઘણાં દુઃખદાયી નીવડે છે એમ સમજી શાણા માણસોએ ક્ષણિક સુખને કાજે અસંખ્ય જીવોના પ્રાણ લેવા નહિં. કેમકે સર્વને જીવત વહાલું છે. કાચા જળના એક બિંદુમાં જ્ઞાનીએ અસંખ્ય જીવ કહ્યા છે અને કંદમૂળાદિક અનંત કાયમાં અનંત જીવ દેખ્યા છે તો તેમના બચાવની ખાતર બનતી યતના પાળવી ઉચિત છે. જેમ અપરાધી માણસને અંધારી અને સાંકડી ઓરડીમાં પૂરી રાખવા ઉપરાંત શિક્ષા કરે છે તેમ પૂર્વ સંચિત મહા અશુભ કર્મના યોગે તેવા ક્ષુદ્ર ભવમાં જીવોને અતિ સંકડાશમાં રહી સાથે છેદાવું-ભેદાવું પડે છે આમ સમજી અનુકંપા આણી તે ક્ષુદ્ર જંતુઓના પ્રાણ અપહરવા બંધ કરવા.

**૨૦ ભોગોપભોગનું પ્રમાણ** કરવું જરૂરતું છે, મનને મોકળું મૂકવાથી તંદુલીયા મચ્છની જેમ દુર્ગતિમાં ખેંચી જાય છે. ૧૪ નિયમો-સચિત્ત, દ્રવ્ય, વિગઇ, મોજડી, તંબોળ, વસ્ત્ર, ફુલ, વાહન, શયન, વિલેપન,

બ્રહ્મચર્ય, દિશિ, સ્નાન અને ભાતપાણી સંબંધી મર્યાદા રાખવાથી મોટા લાભ થાય છે. મહાપાપ આરંભવાળા ૧૫ કર્માદાનના વ્યાપારો અવશ્ય કરી વર્જવા યોગ્ય છે. આવા જરૂર યોગ્ય નિયમોથી આત્મા સહજે હલકો થાય છે. પ્રબળ વિષયવાસના હઠાવવા આ ઉત્તમ ઉપાયરૂપ હોવાથી આત્માર્થીજનને આદરવા યોગ્ય છે.

**૨૧ અનર્થ દંડનો અવશ્ય ત્યાગ** કરવો ઉચિત છે. જેમાં પોતાનો કે કુટુંબનો સ્વાર્થ સમાયેલો ન હોય તે અનર્થ દંડ આત્માને અત્યંત અહિતકારી છે! બીજાને પાપોપદેશ દેવા, પાપનાં અધિકરણ માગ્યાં આપવાં, પાપી જીવોને પોષવા (પાળવા), નાટક પ્રેક્ષણાદિ જોવા, જૂગાર રમવો, ટુંકાણમાં જેથી પાપવૃદ્ધિ થાય તેવાં તેવાં તમામ-પાપકાર્ય નજ કરવાં. અને સુકૃત સમાચરવા બનતો ઉદ્યમ કરવો.

**૨૨ સમતા ભાવની વૃદ્ધિ થાય**-આત્માની સહજ ગુણથી ઉન્નતિ થાય માટે આત્માર્થી જનોએ નિત્યપ્રતિ સામાયકનો નિયમ અવશ્ય રાખવો યોગ્ય છે, મુગ્ધ લોકો પણ બે ચાર ઘડી પ્રભુ કીર્તનમાં ગાળી સાર્થક કરી માને છે. એમ સમજીને કે '**૬૦ ઘડી કામની તો બે ઘડી રામની.**' શુભ અભ્યાસથી જ્યારે જ્યારે જેટલો જેટલો અવકાશ મળે ત્યારે ત્યારે તેટલો તેટલો વખત સાર્થક કરી લેવા સામાયકમાં લહેજત લેનાર સહજે શોભાય છે અને અંતે પુણીયા શ્રાવકની પેરે અપૂર્વ લાભ હાંસલ કરી સદ્ગતિગામી થઇ શકે છે.

**૨૩ દેવ, ગુરૂ, સંઘ, સાધર્મીની યથાયોગ્ય ભક્તિ** કરવા નિયમવંત ઉત્તમ લાભ મેળવી શકે છે. સર્વ ગુણમાં વિનય, વૈયાવચ્ચનો ગુણ મોટો છે, તેનો લાભ અવર્ણનીય છે માટે દરેક મોક્ષાર્થીએ અવશ્ય આદરવા યોગ્ય છે. વિનયથી મહા વિષમ માનનું મર્દન થાય છે, અને શાસ્ત્રશ્રવણ સાર્થક થાય છે. ગુણીજનોના સંગથી ગુણ પ્રાપ્ત થાય છે. અને પરંપરાએ ઉકત ગુણોની વૃદ્ધિ થવાથી શાસનની મહાઉન્નતિ થઈ શકે છે. એમ સમજી મોક્ષાર્થી સજ્જનોએ ઉકત ગુણ સેવનનું વ્યસન અવશ્યાવશ્ય પાડવું યોગ્ય છે. પ્રભુના પવિત્ર વચનનું બહુ માન સાથે સેવન કરવું તે ખરેખરી ભાવ ભકિત છે. સંસારી, પ્રમાદી જીવોને દ્રવ્યકરણી ભાવ નિમિત્તે આદરવી કહી છે.

**૨૪ ચોવીશે તીર્થંકરો** તેમજ અતીત અનાગત કાળના સર્વ તીર્થંકરો તથા સામાન્ય કેવળી, શ્રુતકેવળીદશપૂર્વી વગેરે સાતિશય જ્ઞાનીનાં વચનો ટંકશાળી પ્રમાણભૂત હોવાથી સર્વદા સર્વ ભવ્યસત્વોએ સર્વથા આદરવા યોગ્યછે.

ઇતિશમ્.

# શ્રી પાટણમાં ભરાનારી ચોથી જૈન કોન્ફરન્સમાં ચર્ચવા ઠરેલા વિષયોનું

# दिग्दर्शन.

શ્રી પાટણમાં ફાગણ શુદિ ૨-૩-૪ ને દિવસે કોન્ફરન્સ ભરાવાનું મુકરર થઈ ચુક્યું છે અને તેના આમંત્રણપત્રો પણ બહાર પડી ચુક્યા છે. તે સાથે તેમાં ચર્ચવાના વિષયોનું લીસ્ટ પણ બહાર પડ્યું છે. તે દરેક વિષયના સંબંધમાં શું વિચાર કરવા યોગ્ય છે અને શું પરિણામ લાવવાની જરૂર છે તે સંક્ષેપમાં આ નીચે બતાવવામાં આવ્યું છે. જે ઉપરથી ચર્ચવાના વિષયપર કેટલુંક અજવાળું પડશે અને તે તે વિષયપર ભાષણ કરનારાઓને પણ પોતાનું સુકાન કઇ દિશા તરફ ફેરવવું તે સમજી શકાશે. જો કે આ નીચે બતાવેલા વિચારો અમારા પોતા તરફથી પ્રગટ કરવામાં આવે છે પરંતુ તે અમારા પોતાના વિચારો નથી પણ જૈન સમુદાયમાં ચર્ચાઇને ઘણે અંશે નિર્ણિત થયા જેવા છે. જો કે તેનો અમલ થવો તો ઘણે અંશે બાકીમાંજ છે.

૧ ચર્ચવાના વિષયોમાં પ્રથમ પદ **કેળવણીને** આપવામાં આવ્યું છે અને તે આપવા યોગ્યજ છે, કારણ કે મનુષ્યનું ભૂષણજ કેળવણી છે. કેળવણીની વૃદ્ધિ તેજ કોમની ઉન્નતિ, સુખસંપત્તિની વૃદ્ધિ અને આ ભવ પરભવમાં કલ્યાણ થવાનું પરમ સાધન છે. કેળવણીને ઉત્તેજન આપવાનું ખાસ સુચવન છે. કેળવણીના બે પ્રકાર બતાવવામાં આવ્યા છે; **ધાર્મિક** અને **વ્યવહારિક. ધાર્મિક** કેળવણીના સંબંધમાં ખાસ આવશ્યકતા કેળવણી આપનાર માસ્તરો તૈયાર કરવાની છે. તે શિવાય ખાસ **વાંચનમાળા** તૈયાર કરવાની પણ કેટલીક બાજુથી પ્રેરણા થાય છે અને પ્રયત્ન પણ ચાલે છે, પરંતુ એવી વાંચનમાળા ચલાવવા માટે પાછી શાળાઓની જરૂર પડશે તો તે મોટા ખર્ચનો વિષય છે. માસ્તરો તૈયાર કરવાનો પ્રયત્ન **મેસાણા** અને **બનારસ** ખાતે ચાલે છે. **અમદાવાદમાં** પણ ચાલતો સંભળાય છે માત્ર શુકપાઠ જેવી ધાર્મિક કેળવણી અપાય છે તેમાં અર્થજ્ઞાન ઉમેરવાની આવશ્યકતા છે. સ્થાને સ્થાને નવી સ્થપાતી જૈનશાળાઓના ખબર સાંભળીને કેટલાક ભાઇઓ ચમકે છે અને તેવી જૈનશાળાઓને નકામી ધારે છે પણ એ ધારણામાં ભૂલ થાય છે. પ્રાથમીક શાળાઓ તો એવીજ હોય. એવી શાળાઓમાં કિંચિત્ પણ ઘડાયેલા વિદ્યાર્થીઓ ઉપર કારીગરી થઇ શકશે. ધાર્મિક માત્ર શબ્દોચ્ચાર પણ શ્રદ્ધાનું બીજ વાવશે. એવી શાળાઓ હશે

તો આગળ વધારવાનો પ્રયત્ન કરવો સહેલો થઇ પડશે. આ બાબત ખાસ વિચારવા યોગ્ય છે.

**વ્યવહારિક કેળવણી**માં આપણો વર્ગ બહુ પછાત છે. તેને આગળ પડતો કરવા માટે પુરતી મદદની આવશ્યકતા છે; તેને માટે દ્રવ્યવાનોએ હાથ છુટો કરવાની જરૂર છે. સ્કોલરશીપો અને બોર્ડીંગો થવાની જરૂર છે. સામાન્ય કેળવણી તો કોઇ પણ રીતે લેશે પણ ઉંચી કેળવણી લઇ શકે તેમ કરવાની જરૂર છે. આ બધી બાબતમાં દ્રવ્યનો સવાલ મુખ્ય છે અને તેનો આધાર શ્રીમંતોની ઉદારતા ઉપર છે.

૨ **જીર્ણ મંદિરોદ્ધાર**નો બીજો વિષય રાખવામાં આવ્યો છે. આતો સિદ્ધ થયેલો વિષય છે. તેમાં ચર્ચા કરવા જેવું કાંઇ નથી; માત્ર દ્રવ્યની છુટ અને કામ કરનારની ગોઠવણની જરૂર છે.

૩ ત્રીજો વિષય **જીર્ણ પ્રાચીન પુસ્તકોદ્ધાર**નો રાખવામાં આવ્યો છે. આ બાબતમાં એક વિચાર થવાની જરૂર છે. હજુ જૂના વિચારવાળાના હૃદયમાંથી પુસ્તકોને જેમ બને તેમ વધારે વપરાશમાં લાવવા તેજ ખરૂં રક્ષણ છે એમ આવતું નથી તે લાવવાની જરૂર છે. હવે પુસ્તકોને બંદીખાનું સેવરાવવાનો સમય નથી એમ સમજાવવાની આવશ્યકતા છે. આ વાત એક સરખી રીતે સૌને ગળે ઉતરે તો પ્રાચીન પુસ્તકોનો ઉદ્ધાર પણ થાય ને કાર્યસિદ્ધિ પણ થાય. આ વિષય ખાસ ચર્ચવા યોગ્ય છે.

૪ **જૈન શાળોપયોગી પુસ્તકો**ની યોજના બાબત પહેલા વિષયમાં લખાયું છે તેથી વિશેષ લખવાની જરૂર નથી.

૫ **પ્રાચિન સાહિત્યો અને શિલાલેખોની શોધ** બાબતના બે વિભાગ કરવા યોગ્ય છે. **સાહિત્યો**નો સમાવેશ જીર્ણ પુસ્તકોદ્ધારમાં થાય છે. **શીલાલેખો** માટે તો ખાસ માણસો રાખી એકઠા કરવા જેવું છે. એમાં કાંઇ ચર્ચાનો વિષય નથી.

૬ **જીવદયા**નાવિષયના ચાર પેટાવિભાગ રાખેલા છે. પહેલા વિભાગમાં પ્રાણીઓની હિંસા તથા તેમનાપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા બાબત છે. એ સંબંધમાં રાજા મહારાજાઓ અને સરકારની મદદની જરૂર છે. એ બાબતમાં દરેક સ્થાને પ્રયત્ન શરૂ રહે તો ઓછાવત્તા પ્રમાણમાં પણ તે કાર્ય બની શકે તેમ છે. બીજો વિભાગ પાંજરાપોળ હોય તે નિભાવવા અને ન હોય ત્યાં નવી સ્થાપવાનો છે; તેમાં માત્ર દ્રવ્યની જરૂર છે, સિદ્ધ થયેલો વિષય છે. ચર્ચવા જેવું કાંઈ નથી. ત્રીજો વિભાગ પ્રાણીના અંગોપાંગથી બનતી ચીજો ન વાપરવા બાબત છે. એ વિષયમાં એવી શું શું ચીજો વપરાય છે તે વીગતથી સમજાવવાનું છે અને ભાષણકર્તાઓ રાખીને સ્થાને સ્થાને મોકલી તે સંબંધી ઠરાવો કરાવવા યોગ્ય છે. ચોથો વિભાગ મોગમ

જીવદયાના કાર્યને ઉત્તેજન આપવા સંબંધી રાખેલો છે. તેનું પૃથક્કરણ કરીને એવી જે બાબત ધારણામાં હોય તે સમજાવવાની જરૂર છે.

૭ **મુનિમહારાજાઓની કોન્ફરન્સ** ભરવા બાબત ચર્ચવાનું ઠરાવેલું છે. એની અગત્યતા પૂર્ણપણે સિદ્ધ થયેલીજ છે. બાકી માત્ર મુનિરાજોના વિચારો એક સરખા થવાની છે. તેને માટે આ કોન્ફરન્સમાં ચર્ચાવો કે નહિ પણ જ્યાં સુધી મુનિઓ માનનું મર્દન કરી, શાસનના હિતને દિલમાં લાવી, સ્વેચ્છાને તજી, પોતાનું કે પરનું હિત વાસ્તવીક રીતે થઇ શકે તેમ કરવાનું ધારે નહીં ત્યાં સુધી આપણો પ્રયત્ન નિષ્ફળ છે. હમણા તો ઘરઘરના રાજા થઇ પડેલા છે તેને રૈયત થવું પોસાય ત્યારે વાત બને. ભવિતવ્યતા અનુકુળ થાય ત્યારે તે વાત બને તેવી છે.

૮ **ધર્મિક ખાતાઓનો હિશાબ** પ્રગટ કરવા વિષે આઠમો વિષય રાખ્યો છે. આ વાત ખાસ આવશ્યકતાવાળી છે. જ્યાંના હિશાબો પ્રગટ થાય છે ત્યાં ગોટાળો વળવાનો સંભવ બહુ ઓછો રહે છે. જ્યાંના હિશાબ પ્રગટ થતા નથી ત્યાં પ્રાયે હિશાબ તૈયાર પણ થતા નથી, ગોટાળા વળે છે અને સ્વામીત્વનું અભિમાન લાવી હિશાબી ચોપડીઓ અને દ્રવ્ય દબાવી બેસવાનું પણ બને છે આ બાબત તો નાના મોટા તમામ ખાતાને લાગુ પાડી અમલ કરાવવા જેવી છે.

૯ નવમો વિષય **સ્વધર્મીને આશ્રય** આપવા સંબંધી છે. તેના પેટા વિભાગ ત્રણ કર્યા છે. પહેલો વિભાગ **નિરાશ્રીત** લખ્યો છે તેમાં જેઓ ઉદ્યોગ ન કરી શકે તેવાઓનો સમાવેશ થાય છે. તેમને ખોરાકી પોશાકીની યથાયોગ્ય મદદ આપી દુઃખી થવા ન દેવા તે જૈનબંધુઓની ફરજ છે. બીજો વિભાગ **નિરૂદ્યમીને ઉદ્યમે ચડાવવા** સંબંધી છે, તે શ્રીમંત ગૃહસ્થોથી બની શકે તેવું કાર્ય છે આવશ્યકતાવાળું છે એતો નિઃસંશય છે. ત્રીજો વિભાગ **હિંદુસ્થાનની બહાર જૈનબંધુઓને મોકલવાને** લગતો છે. એ બાબતમાં સૌનો એક વિચાર જણાય તોજ ચર્ચવા યોગ્ય છે. નહીં તો હજુ કાળક્ષેપ કરવા જેવું છે. જ્યાં સુધી એવી મુસાફરીએ જનારા આહાર વિહારની બાબતમાં દૃઢ રહીને આપણા સમુદાયની ખાત્રી કરી આપે નહીં ત્યાં સુધી એ વિષયમાં વિચારોની ઐક્યતા થવી મુશ્કેલ છે. આ બાબત બીજે પ્રસંગે વધારે સ્પષ્ટીકરણ કરશું.

૧૦ દશમી બાબત જૈનબંધુઓએ બનતાં સુધી કોર્ટે ન ચડતાં **લવાદીથી ફેસલો** લેવા વિષે છે. આ બાબત નવી છે પણ આવશ્યકતાવાળી છે. એથી બહુ પ્રકારના લાભ છે.

૧૧ અગ્યારમો વિષય **હાનીકારક રીવાજો બંધ કરવા** સંબંધી છે. તેના પેટા ભાગ નવ પાડેલા છે. ૧ બાળલગ્ન, ૨ વૃદ્ધવિવાહ, ૩ કન્યા-

વિક્રય, ૪ એક ઉપર બીજી સ્ત્રી ન કરવા બાબત, ૫ અન્યધર્મીને કન્યા ન દેવા બાબત, ૬ જૈન લગ્નવિધિનો પ્રચાર વધારવા બાબત, ૭ મરણ પાછળના જમણવારો બંધ કરવા બાબત, ૮ રડવા કુટવાનો રીવાજ કમી કરવા બાબત અને ૯ ફરજીયાત ખર્ચો દૂર કરવા બાબત. આ પ્રમાણે નવ બાબતો લખેલી છે. તેમાં બાળલગ્નથી પ્રત્યક્ષ હાની છે. વૃદ્ધવિવાહેજ પુનર્લગ્નનો સવાલ ઉત્પન્ન કર્યો છે. કન્યાવિક્રય જેવું દુષ્ટ કાર્ય બીજું નથી. એક ઉપર બીજી સ્ત્રી કરવાનો વિષય કેટલાક અપવાદ સાથે મુકવા જેવો છે. અન્યધર્મીને કન્યા આપવી તે પોતાની પુત્રીની જીંદગી રદ કરવા બરોબર છે. જૈન શાસ્ત્રાનુસાર લગ્ન વિધિ ન કરનારા મિથ્યાત્વને ઉત્તેજન આપનારા અને સ્વધર્મને નષ્ટ કરનારા છે. મરણ પાછળ જમાડવું કે જમવું એ બંને નેષ્ટ છે. વિશેષ રડવા કુટવાથી શરીરની હાની થવા ઉપરાંત આર્તધ્યાનવડે કર્મબંધ થાય છે. ફરજીયાત ખર્ચો કમી કરવાનોજ આ સમય છે, કારણ કે દિવસાનુદિવસ દ્રવ્ય સંબંધી સ્થિતિ મંદ થતી આવે છે એ ચોક્કસ છે. આ શિવાય બીજા પણ કેટલાક મિથ્યાત્વજન્ય હાનીકારક રીત રીવાજો છે તે પણ પ્રસંગોપાત રોશન કરવા લાયક છે.

૧૨ કુસંપ દૂર કરવો ને સંપની વૃદ્ધિ કરવી એ વગર વાંધાવાળો સામાન્ય વિષય છે. 'સંપ ત્યાં જંપ' એ કહેવત સર્વશઃ સિદ્ધ થઇ ચુકેલી છે.

૧૩ સ્વદેશી હીલચાલને ઉત્તેજન આપવાનો વિષય આપણી કોન્ફરન્સના વ્યવહારિક અંગને અનુસરતો છે. તે બાબત હાલ વધારે ચર્ચવા કરતાં હજુ તેને મજબુતીવાળી સ્થિત ઉપર આવવા દેવાની જરૂર છે.

૧૪ આપણા ધાર્મિક તહેવારોની સ્કુલ તથા કોર્ટ વિગેરેમાં રજા પળાવવા માટે દરેક રાજ્યમાં અરજીઓ આપી પ્રયાસ કરવાની જરૂર છે. પ્રયાસ કરવાથી ઓછેવત્તે અંશે પણ તેમાં ફત્તેહમંદ થઇ શકીએ તેવું છે.

૧૫ પ્રાંતિક કોન્ફરન્સો ભરવાથીજ મુખ્ય કોન્ફરન્સમાં થયેલા ઠરાવોનો અમલ થઇ શકે તેમ છે, તેથી મોટા મોટા દરેક પ્રાંતોના આગેવાનોને એ વિષયની પ્રેરણા કરવા યોગ્ય છે.

૧૬ કોન્ફરન્સનું બંધારણ મજબુત કરવા માટે શું ઉપાયો યોજવા તે આગેવાન ગૃહસ્થોએ એકત્ર થઇને નિર્ણય શું કરવા યોગ્ય છે. આખા વર્ષમાં એકવાર મળવું ત્યારે પણ ઉતાવળા થઇને ચાલ્યા જવું અને કોન્ફરન્સનું બંધારણ દૃઢ કરવાનો વિચાર કરવા જેટલો વખત પણ ન મેળવવો એ યોગ્ય નથી.

૧૭ કોન્ફરન્સમાં થયેલા ઠરાવોનો જ્યાં જ્યાં અમલ થયો હોય તેની નોંધ લેવાનું કામ અત્યારે કરવા યોગ્ય નથી પણ આખા વર્ષમાં તેની નોંધ રાખવો અને તે અત્યારે જાહેર કરવો તેજ યોગ્ય છે.

આ શિવાય બીજા પણ કેટલાક વિષયો ચર્ચવા યોગ્ય છે, તે વિષે

હવે પછી પ્રસંગોપાત્ લખશું. હાલ તો આટલું દિગ્દર્શનજ કાંઇક ઉપયોગી થશે એમ ધારી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

---

# વર્તમાન સમાચાર

## કાઠીયાવાડમાં ભરવાડ અને રબારીઓનો મેળો.

બોટાદ પાસે ભાવનગર સંસ્થાનના તાબાના રોહીશાળા ગામમાં રબારી-ભરવાડનો એક મેળો કારતક વદ ૧૦ મે ભરવામાં આવ્યો હતો, અને તે પ્રસંગે મુંબઇ વિગેરે શહેરના આગેવાનોએ ત્યાં હાજરી આપી હતી. ભરવાડ અને રબારી લોકોએ તેમના પાટવાળા સમક્ષ પ્રતિજ્ઞા કરી છે કે તેઓ બોકડાને હવે પછી એક માસ સુધી ઉછેરશે અને કોઇ પણ ઢોર કસાઇને વેચશે નહિ, અત્યાર સુધી આ સંબંધમાં ઘણો પ્રયાસ અને ખરચ કરવામાં આવ્યો હતો. આ વખત મેળાનું કામ ગંભીર રીતે પસાર થયું છે અને કરેલ નિયમોનો કેટલેક અંશે અમલ થવાની આશા છે. જૈનધર્મનો પાયો અહિંસા ધર્મપર રચાયો છે અને તેથી આ હકીકતથી સર્વ જૈનોને આનંદ થાય એ સ્વભાવિક છે આ બાબતમાં અમે તે વર્ગના પાટવાળાને તથા મુંબઇ બોટાદ અને ભાવનગરના સદરહુ કાર્યમાં ભાગ લેનારા આગેવાન ગૃહસ્થોને કરેલ ધારાનો અમલ થયેલો જોવાની કાળજી રાખવા ખાસ સૂચના કરીએ છીએ.

**જૈન વિધિ પ્રમાણે લગ્ન:**—ચાલુ લગ્નસરામાં કેટલેક સ્થળે જૈન વિધિ પ્રમાણે લગ્ન થયા છે; છતાં અમે દિલગીરી સાથે નોંધ લઇએ છીએ કે અમદાવાદ જેવા આગેવાન શહેરમાં હજુ આ વિધિનો પ્રચાર થયો નથી. આ સંબંધમાં જેમ આગેવાનોની કાળજી ઓછી છે તેમજ એક બીજી હકીકતપર પણ ધ્યાન આપવાની જરૂર છે. જૈન વિધિ કરાવનારની અછત છે એમ અમારા અનુભવપરથી સમજાયું છે. તો આ બાબતમાં એક સૂચના એ છે કે જે બ્રાહ્મણો વિધિ કરાવનારા હોય છે તેઓનેજ જો વધારે પૈસા આપવામાં આવે તો તેઓ જરૂર આપણી વિધિનો અભ્યાસ કરે. આથી બ્રાહ્મણ સાથે કોઇ કોઇ સ્થળે સંકોચ થયાનું સંભળાય છે તે પણ અટકશે અને આપણી ધારેલી મુરાદ પાર પડશે. એ ઉપરાંત ભોજક વર્ગના આપણા અનુયાયીઓને આ વિધિનો અભ્યાસ કરાવવો જોઇએ. વિધિ સાદી છે અને બહુ ઓછી મહેનતે ભણી શકાય તેવી છે. ભોજકોએ પોતાની સ્થિતિ સુધારવા આ બાબત ઉપર ધ્યાન આપવાની જરૂર છે.

**બાબુ પનાલાલની મહાન સખાવત:**—અમારા સમજવા પ્રમાણે પાયધોનીના જૈનોના લત્તા ઉપર સદરહુ સખાવતમાંથી એક મહાન મુ-

કામ હોસ્પીટલ અને હાઇસ્કુલના ઉપયોગ માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ યોજના સામટી રીતે જોતાં સારી છે, પરંતુ એક બાબત ઉપર અમે સદરહુ સખાવતના ટ્રસ્ટીઓનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ. આ હાઇસ્કુલનો અભ્યાસક્રમ તથા વ્યવસ્થા કેળવણીના અનુભવીઓના હાથથી થવાની ખાસ જરૂર છે. જો પોતાને ગમે તેવી રીતે કામ લેવામાં આવશે તો જે મહાન હેતુથી આ સખાવત કરવામાં આવી છે તે પૂરી રીતે પાર પડશે નહિ. કેળવણી એ એવો વિષય છે કે તેના અનુભવ વગર તેની અંદર રહેલી મુસ્કેલીઓની સમજણ પડી શકતી નથી. આ વિષયમાં આપણી કોમના કેળવાયેલા વર્ગ ઉપરાંત બહારના સાક્ષરોની પણ સહાયતા લેવાની આવશ્યકતા છે એક જૈન હોસ્પીટલની પણ મુંબઇ શહેરમાં જરૂર હતી અને જો યોગ્ય દેખરેખ રાખવામાં આવશે તો તે ખાતાનો સ્થાનિક ગરીબ જૈનોને બહુ સારો લાભ મળશે. મુંબઇના આગેવાન જૈનોનું એક "કેળવણી બોર્ડ" સ્થાપવાની અમારી સૂચના સદરહુ ટ્રસ્ટીઓ ઉપાડી લેશે એવી આશા છે.

**નવા ગ્રેજ્યુએટો:**—અમને નોંધ લેવાને અત્યંત આનંદ થાય છે કે આ વર્ષની મુંબઇ યુનીવર્સીટીની પરીક્ષામાં **મી. મકનજી જુઠા** એલ. એલ. બી. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં પસાર થયા છે; તેમજ ગોઘાવાળા **મી. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની અને મી. વેલજી આણંદજી મેસરી** પણ તેજ પરીક્ષામાં પાસ થયા છે. આ ઉપરાંત ભાવનગરવાળા **મી. લલુભાઇ મોતીચંદ મહેતા** અને અમદાવાદવાળા **મી. મોહનલાલ પોપટલાલ ડોકટર** બી. એ. ની પરીક્ષામાં પસાર થયા છે. આટલાં નામો અમે જાતિ તપાસથી જાણ્યાં છે. આ ઉપરાંત બીજાં નામો અમને મળશે તે પ્રમાણે પ્રગટ કરશું. આવી રીતે જો આપણા જૈન ભાઇઓ કેળવણીમાં વધારો કર્યા કરશે તો કોન્ફરન્સની જે મહાન યોજનાઓ છે તે ઘણી સહેલાઇથી થોડા વખતમાં પાર પડશે કારણ કે અમે પુનરાવર્તન કરી કરીને વારંવાર જણાવી ગયા છીએ કે કેળવણીજ કોઇપણ કોમને કે દેશને ઉન્નત સ્થિતિએ ચડવાનો પ્રથમ પાયો છે. અમે ઉક્ત વિદ્વાનોને મુબારકબાદી આપીએ છીએ અને ઇચ્છીએ છીએ કે તેઓ પોતાના વ્યવહારિક કાર્ય ઉપરાંત આત્મિક ઉન્નતિનો હેતુ ધ્યાનમાં રાખી જૈન કોમને જરૂરને વખતે યોગ્ય રીતે બનતી સાહાય્ય આપશે.

**કોન્ફરન્સના પ્રમુખ**—આપણી ચોથી કોન્ફરન્સ પાટણ ખાતે ભરાવાનો દિવસ નજીક આવતો જાય છે; છતાં અત્યારસુધી તેના પ્રમુખની ચુંટણી થયાના સમાચાર અમને મળ્યા નથી. આ એક ઘણો અગત્યનો સવાલ છે; કારણ કે કોન્ફરન્સનું મહાન કાર્ય પરિપૂર્ણ કરવા માટે વિદ્વાન

ધૈર્યવાન અને દીર્ઘદર્શી નેતાની પ્રથમ જરૂરીયાત છે. આ સંબંધમાં અમે કેટલાક ખેદ સાથે નોંધ લઇએ છીએ કે આપણા આગેવાનો હજુ જોઇએ તેટલું સ્વાર્પણ કરી બતાવતા નથી. કોમની સગવડ ખાતર પોતાના ગમે તેવા સ્વાર્થ કે સગવડનો પણ ભોગ આપવો જોઇએ. જૈનકોમ જે ઉંચામાં ઉંચું માન આપી શકે તે માન આપતાં જો કોઇ પણ ગૃહસ્થ તે લેવાની ના પાડે તો સહજ આશ્ચર્ય સાથે ખેદ થાય એ નવાઇ જેવું નથી. અમે હવે પછી આ બાબતપર વધારે લખશું; પરંતુ હાલ તુરત પ્રમુખની પસંદગી જલદીથી કરવાની અમે પાટણના સદ્ગૃહસ્થોને સુચના કરીએ છીએ. કારણ કે એવી મોટી પદવી મેળવનાર ગૃહસ્થને કેટલીક તૈયારી કરવાનો પણ સમય મળવાની આવશ્યકતા છે.

**માંગરોળના જૈનોએ કરેલ એક ઠરાવ**—મોહના પરવશપણાથી રડવા કૂટવાનો રિવાજ આપણા વર્ગમાં કેટલેક અંશે વધી પડયો છે. એ સંબંધમાં **મી. પ્રેમજી કાનજી મોતીવાળાની** અરજ ઉપરથી માંગરોળના સંઘે જ્યાં મૃત્યુ થયું હોય ત્યાંજ તે વિષે યોગ્ય રીવાજ પ્રમાણે વર્તવાનું રાખી તેના વતનમાં રડવાકુટવાનો રીવાજ બંધ કરવા ઠરાવ કર્યો છે. આ ઠરાવનો અમલ થવાની જરૂર છે અને બીજાઓએ તેનું અનુકરણ કરવા યોગ્ય છે.

**મુંબઇમાં જૈન બોર્ડીંગ**—અમને નોંધ લેવાને અત્યંત હર્ષ થાય છે કે શ્રી મુંબઇમાં જૈન બોર્ડીંગ કરવા માટે **શેઠ ગોકળભાઇ મુળચંદે** પંચોતેર હજાર જેવી મોટી રકમ આપી છે અને તેમાં **જૈન કોન્ફરન્સે** પચીસ હજારની રકમનો ઉમેરો કરી તે સખાવતની ખરી બુઝ જાણી છે. કોમની ખરેખરી જરૂરીઆતની મુંબઇ શહેરના આગેવાનોએ પીછાણ કરવાની બહુજ આવશ્યકતા છે. અમે આશા રાખીએ છીએ કે આ બોર્ડીંગનું કામ જેમ બને તેમ જલદી હાથ ધરવામાં આવશે. આ સંબંધમાં અમારે ખાસ સૂચના એજ કરવાની છે કે જે મકાનમાં આ સ્થાન તૈયાર કરવામાં આવે તે બહુજ તંદુરસ્ત અને વિદ્યાલયોની નજીકમાં હોવું જોઇએ. અમારા સમજવા પ્રમાણે સદરહુ રકમ મુકામ માટે જો ઓછી ન થઇ પડે તો પૂરતી છે, પણ નિભાવ માટે તો સ્વતંત્ર વ્યવસ્થા થવાની જરૂર છે, વળી બોર્ડીંગ નામ પૂરેપૂરૂં સાર્થક કરવા માટે વિદ્યાર્થીઓને મફત ખાવાનું, કપડાં તથા ફી વિગેરે આપવા માટે પણ મુંબઇના આગેવાનો વિચાર કરશે; વળી મુંબઇ શહેર આખા મુંબઇ ઇલાકાનું મધ્યબિંદુ છે અને બોર્ડીંગનો લાભ ખાસ કરીને પરગામવાળાઓને વિશેષે મળે છે તેથી મુંબઇના તેમજ બહારગામના જૈનોએ એકત્ર થઇને એક સારૂં ફંડ કરવું યોગ્ય છે. બોર્ડીંગ એ સ્થાનિક સંસ્થા છે, પણ તેનો લાભ સાર્વજનિક છે એ હકીકત લક્ષમાં રાખવાની જરૂર છે.

M.

# નવીન બુકોની જાહેર ખબર.

અમારી તરફથી પ્રસિદ્ધ થયેલા પ્રાઇસલીસ્ટમાં દર્શાવેલી બુકો ઉપરાંત નીચે જણાવેલી બુકો પણ અમારી ઓફીસમાંથી મળી શકશે.

| | | |
|---|---|---|
| અજનાસતીનો રાસ | શાસ્ત્રી | ૦—૨—૦ |
| આનંદ વ્યાખ્યાન માળા | ગુજરાતી | ૦—૨—૦ |
| આનંદ રત્નાવળી | ,, | ૦—૧—૬ |
| આનંદ મંગળ સ્તવનાવળી | ,, | ૦—૧—૦ |
| અષ્ટાધ્યાયી સૂત્રપાઠ | સંસ્કૃત | ૦—૩—૦ |
| કાદમ્બરી કથા સાર | ,, | ૦—૮—૦ |
| ગુર્વાવલી (મુનિ સુંદરસૂરિ વિરચિત) | ,, | ૦—૮—૦ |
| ચિકાગો પ્રશ્નોત્તર (મુનિરાજ શ્રીઆત્મારામજી કૃત) | શાસ્ત્રી | ૧—૦—૦ |
| જૈન તત્ત્વ સંગ્રહ (અનેક પ્રશ્નોત્તરોનો સંગ્રહ) | ગુજરાતી | ૧—૦—૦ |
| જૈન હિત બોધ (લેખક મુનિ કર્પુરવિજયજી) | ,, | ૦—૪—૦ |
| જૈન લગ્ન વિધિ | ,, | ૦—૦—૬ |
| જૈન સ્તોત્ર સંગ્રહ | શાસ્ત્રી | ૦—૩—૦ |
| દેશોન્નતિનો સરલ માર્ગ. | ગુજરાતી | ૦—૨—૦ |
| ધના ચરિત્ર ભાષાંતર | ,, | ૦—૩—૦ |
| ધર્મ સંગ્રહ ભાગ ૧ લો (મૂળ ગ્રંથ તથા ભાષાંતર) | શા. ગુ. | ૧—૦—૦ |
| ધર્મ રત્નપ્રકરણ ભાગ ૧ લો (મૂળ ગ્રંથ તથા ભાષાંતર) | ,, | ૨—૦—૦ |
| પ્રદ્યુમ્ન ચરિત્ર ભાષાંતર ભાગ ૧ લો. | ગુજરાતી | ૦—૮—૦ |
| સદર ભાગ ૨ જો | ,, | ૦—૯—૦ |
| પુરૂષાર્થ સિદ્ધિ | ,, | ૦—૨—૦ |
| પાંચ પ્રતિક્રમણ મૂળ વધારાવાળી (અમદાવાદની) | શાસ્ત્રી | ૦-૧૨—૦ |
| પ્રાકૃત મંજરી | સંસ્કૃત | ૦—૪—૦ |
| મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી મહારાજના ફોટોગ્રાફ | | ૦—૬—૦ |
| મુનિરાજ શ્રી આત્મારામજી મહારાજના ફોટોગ્રાફ | | ૦—૬—૦ |
| મેઘદૂત ટીકા સહીત | સંસ્કૃત | ૦—૬—૦ |
| રઘુવંશ સટીક | ,, | ૦-૧૦—૦ |
| લઘુ અને વૃહત્ પ્રાકૃત વ્યાકરણ (અર્થ સહિત) | | ૧—૦—૦ |

| | | |
|---|---|---|
| લૌકિક ન્યાયાંજલી ભાગ ૧ લો | સંસ્કૃત અને ઇંગ્લીશ | ૦ ૬—૯ |
| સદર ભાગ ૨ જો | ,, ,, | ૦-૨-૦ |
| શ્રુતબોધ, છંદોમંજરી, વૃત રત્નાકર ટીકા સહીત | સંસ્કૃત | ૦-૧૨—૦ |
| શ્રાવક પ્રજ્ઞપ્તિ ટીકા સહીત | ,, | ૦-૧૦—૦ |
| શ્રેણિક ચરિત્ર (દ્વાશ્રય) ભાષાંતર સહીત. | શા. ગુ. | ૦—૯—૦ |
| ષડ્દર્શન સમુચ્ચય (લઘુ ટીકા) | સંસ્કૃત | ૦-૧૨—૦ |
| સુખ પ્રાપ્તિનાં સાધનો | ગુજરાતી | ૦—૩—૦ |
| સ્યાદ્વાદ રત્નાકરાવતારિકા (બે પરિચ્છેદ) | સંસ્કૃત | ૧—૦—૦ |
| સિદ્ધહેમ શબ્દાનુશાસન (સ્વોપજ્ઞ લઘુવૃત્તિ યુક્ત) | ,, | ૨—૮—૦ |
| શ્રીહેમચંદ્રાચાર્ય કૃત પ્રાકૃત વ્યાકરણ (અર્થ સહિત) | શાસ્ત્રી | ૦-૧૦—૦ |
| હૈમ લિંગાનુશાસન (અવચુરિ યુક્ત) | સંસ્કૃત | ૦—૫—૦ |
| હિત શિક્ષા | ગુજરાતી | ૦—૩—૦ |
| સંસ્કૃત બીજી ચોપડી (નવી આવૃતી) | ,, | ૧—૪—૦ |
| વિદગ્ધ મુખ મણ્ડન | સંસ્કૃત | ૦—૪—૦ |

દેશીનામમાળા સંસ્કૃત–આ પુસ્તક વેચવાના હક લેનારે કિંમત વધારવાથી કિંમત રૂ.૧ાા ને બદલે રૂ.૨ાા રાખવામાં આવી છે.

તંત્રી.

---

## જૈન પુસ્તક ભંડારના વ્યવસ્થાપકો તથા સંસ્કૃતના અભ્યાસી મુનિરાજ પ્રત્યે વિજ્ઞપ્તિ.

શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર મૂળ પર્વ ૧ લું ( શ્રી આદીશ્વર ચરિત્ર) અને પર્વ ૨ જું ( શ્રી અજીતનાથ ચરિત્ર ) બાબુસાહેબ રાય બુધસિંહજી બહાદુર તથા શેઠ વીરચંદભાઇ દીપચંદ સી. આઇ. ઇ. ની દ્રવ્ય સંબંધી સંપૂર્ણ મદદથી બહાર પડી ચુકયું છે. તેઓ સાહેબની ઇચ્છાનુસાર દરેક જૈન પુસ્તક ભંડારને તેમજ સંસ્કૃતના અભ્યાસી દરેક મુનિમહારાજને ભેટ આપવાનું મુકરર કરેલ હોવાથી મંગાવી લેવા વિનંતિ છે. આ ગ્રંથ જૈની સુંદર ટાઇપથી નિર્ણયસાગર પ્રેસમાં છપાવેલ છે. વેચાણ મંગાવનાર માટે લગભગ બેઠી કિંમત એટલે પર્વ ૧ લાનો રૂ.૧) અને પર્વ ૨ જાના રૂ૦ાા રાખવામાં આવેલ છે.

---